# બાજખેડાવાળ પત્રિકા

**बाजखेडावाल पत्रिका    Bajkhedawal Patrika**


વર્ષ : ૧૬
અંક : ૦૮

૨૦૨૨ : ઓગષ્ટ
માસિક : રૂ. ૫/-



**: તંત્રી :**

***શ્રી જગતભાઈ એચ. દવે***

*૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,*
*વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪*



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

**૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮**
**મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭**
**કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

## પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/–

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી જુગલ હિતેશ મહેતા | નડિયાદ | ૪૮૧૧ |
| ૨. | શ્રી ઉદય સી. દવે | ચૈન્નઈ | ૪૮૧૨ |
| ૩. | ડૉ. કમલકુમાર ઉપેન્દ્રભાઈ ભટ્ટ | નડીયાદ | ૪૮૧૩ |
| ૪. | શ્રી વૈભવ મધુકર ભટ્ટ | અમદાવાદ | ૪૮૧૪ |
| ૫. | ડૉ. જગદીશચંદ્ર ઈન્દ્રવદન દવે | મહીસાગર | ૪૮૧૫ |
| ૬. | શ્રી ચિંતન અશ્વીનકુમાર શુકલ | અમદાવાદ | ૪૮૧૬ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના

## વિશિષ્ટ સહાય ફંડના દાતાશ્રી

૧. સ્વ. સુશીલાબેન દીનુભાઈ દવેની સ્મૃતિમાં અમદાવાદ રૂ. ૨૫૦૦/–
હસ્તે – ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુ. અને કલ્ચરલ સોસાયટી

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના

## દાતા સભ્યશ્રીઓ

| | | |
|---|---|---|
| ૧. | શ્રી બાજખેડાવાળ સાંસ્કૃતિક મંડળ | વ.વિદ્યાનગર |
| ૨. | શ્રી બાજખેડાવાળ સાંસ્કૃતિક મંડળ (મહિલા પાંખ) | વ.વિદ્યાનગર |
| ૩. | શ્રી પ્રાણલાલ વ્રજલાલ દવે ટ્રસ્ટ ફંડ (દવે ફાઉન્ડેશન) | અમદાવાદ |
| ૪. | શ્રીમતી કમળાબેન જમીયતરામ પંડ્યા તથા શ્રી જમીયતરામ દયાશંકર પંડ્યા ટ્રસ્ટ ફંડ | અમદાવાદ |
| ૫. | ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુ. અને કલ્ચરલ સોસાયટી | અમદાવાદ |

## બાજખેડાવાળ પત્રિકાના આજીવન સભ્યો માટે ખાસ નોંધ

(૧) બાજખેડાવાળ પત્રિકા દર મહિનાની આખર તારીખે અમદાવાદથી પોસ્ટ થાય છે. (૨) કોઈ કારણસર પત્રિકા ન મળે તો એ પત્રિકા કદાચ આખા ગામ કે શહેરમાં વહેંચાઈ ન હોય એમ બને. (૩) આપને પત્રિકા નિયમિત ન મળતી હોય તો સ્થાનિક પોસ્ટમેન અથવા સ્થાનિક પોસ્ટ ઓફિસમાં લેખીત ફરિયાદ કરવી. (૪) પત્રિકા ધારક ગુજરી જાય એટલે પત્રિકાનું સભ્યપદ આપોઆપ રદ થઈ જાય છે. તમારે નવેસરથી પત્રિકા મેળવવા માટે રૂ. ૧૦૦૦/– લવાજમ ભરવાનું રહેશે. (૫) પત્રિકાના સભ્ય કાયમી વિદેશ વસવાટ કરવા માટે ગયા હોય તેવા સંજોગોમાં પત્રિકા બીજાના સરનામે કે બીજાના નામે પત્રિકા મોકલવામાં આવશે નહીં. (૬) બાજખેડાવાળ પત્રિકાની કોઈપણ જાતની ફરીયાદ કે માહિતી માટે તંત્રીનો સંપર્ક સાધ્યા વગર સંસ્થાની ઓફિસે પત્રિકા ઉપર દર્શાવેલ ફોન નંબર ઉપર મેનેજર શ્રી ભાવેશ પંડ્યાનો સંપર્ક કરવો. જેથી ફરીયાદનું ત્વરીત નિરાકરણ થઈ જાય. (૭) નવા સભ્યોએ, પત્રિકાના સભ્યો એ પોતાની પાવતી મેળવી લેવી અને તેના પર તથા પત્રિકા પર જે સભ્ય નંબર લખેલ છે. તે નંબરથી પત્ર વ્યવહાર કરવો. સભ્ય નંબર જણાવવાથી કામ સરળ થશે. (૮) પત્રિકાના જન્માક્ષરની મેટરમાં તમારા દ્વારા મોકલાવવામાં આવેલી મેટરમાં જ ભૂલ હોય અથવા અક્ષર ઉકલતા ન હોય તેવા સંજોગોમાં ભૂલ થવાની સંભાવનાઓ થાય જેથી નિયત ફોર્મમાં સ્વચ્છ અક્ષરે મેટર મોકલવા આગ્રહ ભરી વિનંતી જેથી સુધારાને અવકાશ રહે નહીં.

– તંત્રી મંડળ

# તંત્રી લેખ...

*હિન્દુ ધર્મના ઈતિહાસમાં તમે આ સાત ઋષિઓ વિશે સાંભળ્યું હશે પણ તેના વિશે જાણો છો ખરાં ? સપ્તમ મનવન્તરના ૭ ઋષિઓએ માનવજાતને સુખી અને સમૃદ્ધ બનાવવા માટે અદ્વિતીય યોગદાન આપ્યું છે.*

*આ સાત ઋષિઓનું સ્મરણ કરી એમના જીવનમાંથી પ્રેરણા પ્રાપ્ત કરવું એ મહામૂલ્ય છે. નવી પેઢીને આ સાત ઋષિનો પાતળો પરિચય જરૂરથી આપજો.*

*(૧) કશ્યપ ઋષિ – બ્રહ્માજીના માનસપુત્ર એવા મરીચિ ઋષિના તેઓ પુત્ર છે. સૃષ્ટિના સર્જનમાં એમણે આપેલા યોગદાનને લીધે એમને પ્રજાપતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. આજે પણ ધાર્મિક વિધિ વખતે જો કોઈને એના ગોત્રની જાણ ન હોય તો કશ્યપ ગોત્ર તરીકે ઓળખ અપાય છે.*

*(૨) અત્રિ ઋષિ – અત્રિ ઋષિના પત્ની અનસૂયાની કથા સૌ કોઈએ સાંભળી જ હશે જેમને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને પોતાના તપના પ્રભાવથી નાના બાળક બનાવી દીધા હતા. મહાન અત્રિ ઋષિ ભગવાન દત્તાત્રેય અને દુર્વાસા ઋષિના પિતા છે. એમના ત્રીજા પુત્ર સોમે સોમનાથ જ્યોતિર્લિંગની સ્થાપના કરી હતી.*

*(૩) વસિષ્ઠ ઋષિ – વસિષ્ઠ રઘુવંશના કુલગુરુ હતા એ રીતે તેઓ ભગવાન શ્રીરામના કુલ ગુરુ હતા. તેઓ મહાન ઋષિ પરાસરના દાદા અને મહાભારત સહિત અનેક ગ્રંથોના રચયિતા વેદવ્યાસજીના પરદાદા થાય.*

*(૪) વિશ્વામિત્ર ઋષિ – વિશ્વામિત્ર રાજવી હતા અને રાજપાટ છોડીને સંન્યાસી થયા હતા. ભગવાન પરશુરામના પિતા એવા જમદગ્નિ ઋષિના તેઓ મામા થાય. જમદાગ્નિ ઋષિના માતા સત્યવતી અને વિશ્વામિત્ર બંને ગાધી રાજાના સંતાનો હતો.*

*(૫) ગૌતમ ઋષિ – ગૌતમ ઋષિને ન્યાયશાસ્ત્રના પંડિત કહેવામાં આવે છે. રસાયણ વિજ્ઞાન સહિતના જુદા જુદા વિષયોના તેઓ જ્ઞાતા હતા. એમના દીકરી અંજની એટલે હનુમાનજીના માતા. આમ ગૌતમ ઋષિ હનુમાનજી નાના થાય.*

*(૬) જમદગ્નિ ઋષિ – તેઓ રુચિક ઋષિના પુત્ર હતા. વિશ્વામિત્રના બહેન સત્યવતીના સંતાન એટલે વિશ્વામિત્ર ઋષિના ભાણેજ થાય. માતા સત્યવતી તેઓને તપસ્વી બનાવવા માંગતા હતા પરંતુ તેનામાં ક્ષત્રિય જેવા શૂરવીરના લક્ષણો હતા. ભગવાન પરશુરામ એમના પુત્ર હતા.*

*(૭) ભારદ્વાજ ઋષિ – ભારદ્વાજ ઋષિ યંત્ર વિજ્ઞાનના નિષ્ણાત હતા. તેઓએ લખેલા 'વૈમાનિકમ્' નામના ગ્રંથમાં વિમાન બનાવવાની પદ્ધતિનું વિગતવાર વર્ણન કરેલ છે. 'યંત્ર સર્વસ્વમ' નામના ગ્રંથમાં યંત્રોના વિજ્ઞાનની વાતો લખી છે. ભારદ્વાજ ઋષિના પુત્ર દ્રૌણ કૌરવો અને પાંડવોના ગુરુ હતા.*

*નોંધ – આપણી આવનારી આજની પેઢીને આપણાં ધર્મ વિશે જાણકારી આપવી પણ આપણી ફરજમાં આવે છે.*

**તંત્રી – શ્રી જગતભાઈ દવે**
**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૫૦૦/–ના દાતા



**શ્રદ્ધાંજલી**

**સ્વ. સુશીલાબેન દીનુભાઈ દવે**

એપ્રિલ ૨૦૨૨માં અમેરીકાના નોર્થ કેરાલીના રાજ્યમાં તેમના દીકરાને ઘરે ૮૮ વર્ષે સુશીલાબેન દીનુભાઈ દવેએ જીવનના અંતિમ શ્વાસ લીધા. સુશીલાબેન આફ્રિકામાં જન્મેલા અને ભારતમાં મોટા થયા અને શિક્ષણ પણ ભારતમાં જ પ્રાપ્ત કર્યું. ભારતમાં જ દીનુભાઈ દવે સાથે લગ્નગ્રંથિથી જોડાયા અને સને ૧૯૭૦થી અમેરીકામાં સ્થાયી થયા. દીનુભાઈ સાથે તેમજ પરીવાર, સમાજમાં બધી જગ્યાએ ખભેખભા મીલાવીને કામ કર્યું અને સતત દીનુભાઈને સહકાર આપતા રહેલા હતાં. પાંચ વર્ષ પહેલાં જ દીનુભાઈનું સ્વર્ગવાસ થયો હતો. દીનુભાઈ દવેએ શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, અમદાવાદમાં મોટી રકમનું દાન આપી મેડીકલ તેમજ ટેકનીકલ ક્ષેત્રે ઓછી આવકવાળ જ્ઞાતિના દીકરા–દીકરીઓ ઉચ્ચ શિક્ષણથી વંચીત ન રહી જાય તે માટે પ્રાણલાલ વ્રજલાલ દવે ફાઉન્ડેશન ટ્રસ્ટની રચના કરવામાં આવી છે. આ ટ્રસ્ટમાં સુશીલાબેન રસ લેતા હતાં અને જ્યારે જ્યારે અમદાવાદ આવ્યા હોય ત્યારે અચૂક દીકરા–દીકરીઓને મળતા હતા. સુશીલાબેનનો સદાય હસતો ચહેરો, સરળતા, સહજતા સમાજને સ્પર્શી જતી હતી. સુશીલાબેન તેમની પાછળ તેમનાભાઈ ચંદ્રકાંતભાઈ પંડીત, તેમના બે દીકરા તેમજ વહુઓ – હેમાંગ અને માયા તથા સંદીપ અને સંગીતા, તેમના ૪ પૌત્રીઓ શ્રેયા, નેહા, અશની, શિવાની તથા બે પૌત્ર કીઆન અને ઋષિ. હાલ આ બધા જ અમેરીકા રહે છે.

તેમના જવાથી કુટુંબને તો ખોટ પડી જ છે પરંતુ સમાજને પણ મોટી ખોટ પડી છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એવી પ્રભુને પ્રાર્થના.

**શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ – અમદાવાદ**

## શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી

દવે માણેકજી બેચરજી બાજખેડાવાળ છાત્રાલય, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦, તા. જી. આણંદ. (મો.) ૯૨૬૫૯૦૭૬૬૦

શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીના આજીવન સભ્યો કે જેઓનો આજીવન સભ્ય નં. ૮૮૧ પહેલા નો છે. તા. ૦૧–૦૪–૨૦૧૬ પહેલાના જે સભ્યો છે તેઓ માટેના આ સમાચાર છે જેની ખાસ નોંધ લેશો. (ઉપરનો ફકરો જરૂર પડે બે વાર વાંચશો)

સંસ્થા દ્વારા વર્ષો પર્યંત આજીવન સભ્યોના બાળકોને ટ્યુશન ફી (શીષ્યવૃતિ) આપવામાં આવતી હતી. છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીના કારણે અને હોસ્ટેલમાં પણ એડમીશનો ન હોવાના કારણે આ ટ્યુશન ફી આપવાનું બંધ કરેલ. ચાલુ સાલે સંસ્થા દ્વારા ટ્યુશન ફી (શીષ્યવૃતિ) પ્રત્યેક કુટુંબદીઠ ફક્ત એક જ બાળકને ધોરણ ૫ થી કોલેજ સુધીના વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને આ લાભ લઈ શકાશે.

આ ટ્યુશન ફી (શીષ્યવૃતિ) વિતરણનું કામ તા. ૧૭/૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૨ (શનિવાર–રવિવાર)ના રોજ આ લાભ આપવામાં આવશે. ત્યારબાદ આ લાભ મળશે નહીં જેની વાલીઓએ નોંધ લેવી. સવારે ૯.૦૦ થી ૧.૦૦ અને બપોરે ૨.૦૦ થી ૬.૦૦ સમય દરમ્યાન ટ્યુશન ફી સંસ્થાની ઓફિસે રૂબરૂ આવીને મેળવી લેવાની રહેશે.

મારી આ તબક્કે એક નમ્ર વિનંતી છે કે, જે વાલીઓ આર્થિક રીતે સદ્ધર હોય તે જો આ રકમનો લાભ ન લે તો જરૂરીયાત વાળાના વધુ રકમ આપી શકાય. અમારો અનુભવ એવો છે કે, ૩ લાખ ઉપરની આવકવાળા પણ આ લાભ લેતા હોય છે. આ તમારો અબાધિત અધિકાર છે તેની સામે કોઈ વાંધો નથી. આ એક નમ્ર વિનંતી છે. ટ્યુશન ફીની રકમ રૂ. ૧૫૦૦/– લેખે આપવામાં આવશે.

**ખાસ નોંધ –**

(૧) આજીવન સભ્યના માત્ર એક જ બાળકને આ લાભ મળશે જેના ખાસ નોંધ લેવી. (૨) ચાલુ સાલે લેવાયેલી પાસ થયેલ પરીક્ષાની માર્કશીટની જ ઝેરોક્ષ લાવવાની રહેશે. (૩) આજીવન સભ્યના આઈ.કાર્ડની ઝેરોક્ષ લાવવાની રહેશે. (૪) સમય મર્યાદાનું ખાસ ધ્યાન રાખવું. (૫) સમય મર્યાદા બાદ ટ્યુશન ફી (શીષ્યવૃતિ) કોઈપણ સંજોગોમાં આપવામાં આવશે નહીં.

**કિરીટકુમાર દવે**
**પ્રમુખશ્રી**

**પ્રણવકુમાર જોષી**
**મંત્રીશ્રી**

**સર્વે કારોબારી સભ્યશ્રીઓ**

---

## શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

**શરદોત્સવ –**

શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ દ્વારા વર્ષોપર્યંત શરદોત્સવ (ગરબા)નું નિયમિત આયોજન થતું હતું. સૌ જ્ઞાતિજનો હર્ષભેર તેનો આનંદ માણતા હતા. કોરોનાની વૈશ્વિક મહામારીના કારણે છેલ્લા બે વર્ષથી શરદોત્સવનું આયોજન કરી શકતા ન હતા. ચાલુ સાલે

શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ દ્વારા શરદોત્સવ (ગરબા)નું સુંદર આયોજન કરવામાં આવેલ છે. શરદોત્સવ તા. ૦૯–૧૦–૨૦૨૨, રવિવારના રોજ યોજેલ છે. સ્થળ – બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ ચાલુ સાલે ગરબા મહોત્સવના પાસ તા. ૧૧–૦૯–૨૦૨૨ને રવિવારે સવારેના ૯.૦૦ થી ૧.૦૦ આજીવન સભ્યનું કાર્ડ બતાવી વિનામૂલ્યે મેળવી લેવાના રહેશે. ત્યારબાદ પ્રત્યેક પાસની કિંમત રૂ. ૬૦/– રહેશે. ૫ વર્ષથી ઉપરના બાળકનો પાસ લેવાનો રહેશે. પાસ મેળવવાની છેલ્લા તારીખ ૩૦–૦૯–૨૦૨૨ રહેશે. ભોજન સમય ૭.૦૦ થી ૮.૦૦ દરમ્યાન જ રહેશે. ૮.૦૦ થી ૮.૩૦ સંગીત ખુરશી, ૮.૩૦ થી ૧૦.૧૫ ગરબા વીથ મ્યુઝીકલ ઓરકેસ્ટ્રા, ૧૦.૧૫ થી ૧૦.૩૦ આરતી, ૧૦.૩૦ વાગે દૂધ પૌંઆનો સ્વાદ માણી સ્વગૃહે પરત.

### નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ

શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ દ્વારા વર્ષોપર્યાત નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભનું નિયમિત આયોજન થતું હતું. સૌ જ્ઞાતિજનો હર્ષભેર તેનો આનંદ માણતા હતા. કોરોનાની વૈશ્વિક મહામારીના કારણે છેલ્લા બે વર્ષથી નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભનું આયોજન કરી શકતા ન હતા. ચાલુ સાલે શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ દ્વારા નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભનું સુંદર આયોજન કરવામાં આવેલ છે તથા સિનીયર સિટીઝન સન્માન સમારંભનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૩૦–૧૦–૨૦૨૨, રવિવારના રોજ યોજેલ છે. સ્થળ – શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ પ્રત્યેક પાસની કિંમત રૂ. ૮૦/– રાખેલ છે. ૫ વર્ષથી ઉપરના બાળકનો પાસ લેવાનો રહેશે. પાસ મેળવવાની છેલ્લા તા. ૨૦–૧૦–૨૦૨૨ રહેશે. સિનીયર સિટીઝન સન્માન સમારંભ પ્રોગ્રામની શરૂઆત સાંજે ૬.૦૦ કલાકે, ભોજન સમારંભ ૭.૩૦ થી ૮.૩૦

### અગત્યની સૂચના

સમય મર્યાદા બાદ શરદોત્સવના પાસ મેળવવા માટે રૂ. ૮૦/– આપવા પડશે અને નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભના રૂ. ૧૫૦/– ચૂકવવાના રહેશે. સિનીયર સિટીઝનના ફોર્મ સમય મર્યાદામાં ભરવાના રહેશે. અધિવેશનના ઓડિટોરીયમની સંખ્યાની મર્યાદા હોઈ અધિવેશનના પાસ સમયસર મેળવી લેશો.

સંગીત ખુરશીમાં તથા ગરબામાં વિવિધ વિભાગોમાં અપાતા ઈનામની રકમ અંદાજિત રૂ. ૨૫૦૦/– થી રૂ. ૩૦૦૦/– હર્ષાબેન મુકેશભાઈ દવે તરફથી રહેશે. સંસ્થા તેઓનો આભાર માને છે.

### લઘુરૂદ્ર

તા. ૨૧–૦૮–૨૦૨૨ના રોજ લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવેલું. સદર આયોજનમાં ઘણી મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ દર્શનનો લાભ લીધો. સંસ્થા સૌનો આભાર માને છે.

આણંદ નિવાસી શ્રીમતી ગીતાબેન હેમંતકુમાર શુક્લ તરફથી ટ્યુશન ફી ફંડ ખાતે તેમના પૌત્રી બંસરી તરલ શુક્લ (ઓસ્ટ્રેલિયા) તરફથી રૂ. ૫૫૦૧/– તથા તેમના પૌત્ર વંશ પ્રવણ શુક્લ તરફથી રૂ. ૫૫૦૦/– મળ્યા છે. સંસ્થા તેમનો આભાર માને છે.

**કિરીટકુમાર દવે** — **ફાલ્ગુનભાઈ ઠાકર**
**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**

**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

## શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ, નડિયાદ

શ્રી બાજખેડાવાળ હોલ, છાગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર પાસે, નડીયાદ.
ફોન ૯૪૦૮૫૦૧૩૯૦

શ્રી બાજખેડાવાળ મહીલા સમાજ નડીયાદ દ્વારા તા. ૧૫–૭–૨૨ના શુક્રવારના રોજ ગૌરીવ્રત હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ સ્પર્ધાનું આયોજન કરેલ.

સૌ પ્રથમ સ્પર્ધાનું આયોજન કરતા પહેલા પ્રાર્થના ગીત ગાઈને પ્રોગ્રામ શરૂ કરવામાં આવેલ મહેમાનોને કલગી આપી સ્વાગત કરેલ ત્યારબાદ હરીફાઈ શરૂ કરવામાં આવેલ. તેમાં કન્વીનર તરીકે કોમલબેન દ વે તથા પારૂલબેન દવેએ સેવા આપી. સ્પર્ધામાં પાંચ વિભાગ પાડવામાં આવ્યા હતા. જેના વિજેતાના નામ નીચે મુજબ છે.

**વિભાગ –૧ – ઢીંગલી હરીફાઈ (૩ થી ૫ વર્ષ)**

પ્રથમ વિજેતા – દિયા અંકીત શેલત, દ્વિતીય વિજેતા – દીક્ષા નિર્લેષ દવે

**વિભાગ – ૨ – ચાંલ્લા ચોટાડવાના (૬ થી ૧૨ વર્ષ)**

પ્રથમ વિજેતા – દીયા જુગલ દવે, દ્વિતીય વિજેતા – રીયા ત્રિવેદી, તૃતીય વિજેતા – પૂર્વા દેસાઈ

**વિભાગ – ૩ – ચોકલેટ બેલેન્સીસ (૧૩ થી ૧૭ વર્ષ)**

પ્રથમ વિજેતા – રિદ્ધી પુનીતકુમાર દવે, દ્વિતીય વિજેતા – ઝીલ ભાવેશભાઈ ત્રિવેદી

**વિભાગ – ૪ – કેન્સલ કરેલ છે (૧૮ થી ૨૫ વર્ષ)**

**વિભાગ – ૫ – કારપેટ રાઈડસ (૨૬ થી ૫૦ વર્ષ)**

પ્રથમ વિજેતા – પ્રિતી એસ. ત્રિવેદી, દ્વિતીય વિજેતા – કૃપા રાકેશકુમાર દવે, તૃતીય વિજેતા – ગાયત્રીબેન અંકીતકુમાર દેસાઈ

**વિભાગ – ૬ – ઘંટડી વગાડતા વગાડતા પેપર્સના બોલ બનાવવા**

પ્રથમ વિજેતા – જીગીષાબેન આર. દવે, દ્વિતીય વિજેતા – કલાબેન ઠાકર, તૃતીય વિજેતા – કાશ્મીરાબેન ભટ્ટ

તેમજ દીકરીઓને જેમને ઈનામ મળેલ ન હતું. તે તમાને આશ્વાસન ઈનામ આપવામાં આવેલ.

ગૌરીવ્રત હરીફાઈમાં સર્વ બેનોને સ્વ. અ.સૌ. ચંદ્રીકાબેન નિત્યાનંદ ઠાકર તેમજ સ્વ. કુમારી કૈલાસબેન કાંતીલાલ ઠાકરના સ્મરણાર્થે શ્રી મૌલિકભાઈ નિત્યાનંદભાઈ ઠાકર તરફથી ઈનામ વિતરણ કરવામાં આવેલ. તેમના પરીવાર તરફથી શ્રીમતી ઉર્વશીબેન ઠાકર હાજર રહેલ તેમનો પણ ખૂબ ખૂબ આભાર.

અ.સૌ. હસુમતીબેન રવિશંકરભાઈ ધોરાના સ્મરણાર્થે શ્રીમતી કાશ્મીરાબેન પરેશભાઈ ધોરા તરફથી આઈસ્ક્રીમનું વિતરણ કરવામાં આવેલ જેમનો પણ ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે. અન્ય દાતાશ્રીઓ રૂ. ૬૦૩/– દાન મળેલ છે તેમના પણ ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.

રશ્મીકાબેન પંડ્યા તરફથી દરેક બાળાને રૂ. ૫૦/– આપવામાં આવેલ છે. ઈલાબેન

એન. દવે તરફથી દરેક બાળાને પર્સ આપવામાં આવેલ છે. જલ્પાબેન ઠાકર તરફથી બટર ફલાય અને રીંગ તથા ભાવનાબેન ઠાકર તરફથી ચોકલેટ તથા અસ્મીતાબેન આર. દવે તરફથી પેંડાનું વિતરણ કરવામાં આવેલ તેમના પણ આભાર.

સમાજની સૌ બહેનોની હાજરી તથા મહીલા સમાજની કારોબારી બહેનોના સહકારથી આ કાર્યક્રમ સફળતાથી પૂર્ણ થયેલ. પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મદદ કરનાર સૌનો આભાર સર્વે વિજેતાઓને અભિનંદન. આઈસ્ક્રીમની મજા માણી સૌ છુટા પડેલ.

**આગામી કાર્યક્રમ**

કેવડાત્રીજની પૂજા ૩૦–૦૮–૨૨ના મંગળવારના રોજ બાજખેડાવાળ હોલમાં સમય બપોરના ૧૨ થી ૩ સુધી

સામા પાંચમની ઉજવણી તેમજ ફરાર તા. ૧–૯–૨૨ના ગુરુવારના રોજ સવારે ૮.૦૦ કલાકથી બપોરના ૪.૦૦ કલાક સુધી રાખેલ છે. (સ્થળ – બાજખેડાવાળ હોલ)

મહીલા સમાજના સ્થાપના દિન (દશેરાએ) નિમિત્તે ગરબા હરીફાઈનું આયોજન કરવામાં આવેલ છે. સહકારની આશા સહ...

**નિલુષાબેન વી. ભટ્ટ** — **પ્રમુખ**

**અંજનાબેન જે. દવે** — **મંત્રી**

## ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

**કોલેજ ફી સહાય ફોર્મ**

અમદાવાદ સ્થિત આજીવન સભ્યોના બાળકોને સ્કુલ તથા કોલેજમાં અભ્યાસ કરતા હોય તેમને સંસ્થા તરફથી ફી સહાય આપવામાં આવે છે. જેમાં કોલેજના તરફથી ફી સહાય આપવામાં આવે છે. જેમાં કોલેજના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦–૯–૨૨ છે તે પહેલા ફોર્મ ભરી દેવા સૌ જ્ઞાતિજનોને વિનંતી જે વિદ્યાર્થીની કોલેજમાં ફી ભરાઈના હોય તો પણ ફોર્મ સંસ્થાના કાર્યાલયમાં જમા ઉપરોક્ત તારીખ પહેલા કરાવી દેવું ત્યારબાદ ફીની રસીદ જમા કરાવી શકશે. પરંતુ ફોર્મ અવશ્ય જમા કરાવવાનું રહેશે ફોર્મ આવેલ હશે તો જ સહાય મંજુર કરવામાં આવશે.

**શ્રાવણી ઉત્સવ**

બે વર્ષના કોરોના કાળ દરમ્યાન જનોઈ બદલવાની વિધિ સંસ્થાના શ્રી પ્રાણશંકરભાઈ હોલમાં યોજાઈ શકી ન હતી પરંતુ ચાલુ વર્ષે તા. ૧૧–૮–૨૨ના રોજ રક્ષાબંધનના દિવસે જનોઈ બદલવાનો કાર્યક્રમ વિધિ વિધાન સાથે સંપૂર્ણ થયો જેમાં જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો અને શાસ્ત્રોક્ત વિધિ સાથે જનોઈ બદલવામાં આવી હતી.

**અન્નપૂર્ણા સહાય યોજના**

રૂ. ૫૦૧/– સ્વ. ઉત્સવ કલ્પેશ ઠાકરના સ્મરણાર્થે હસ્તે શ્રી કલ્પેશ રતીલાલ ઠાકર તરફથી, રૂ. ૧૦૦૧/– સ્વ. યોગીનીબેન મેહુલભાઈ ભટ્ટના સ્મરણાર્થે હસ્તે શ્રી મેહુલભાઈ ભટ્ટ તરફથી, રૂ. ૩૦૦૦૦/– સ્વ. પુ. ગૌરીશંકર કે. દવે તથા સ્વ. પુ. શાંતાબેન જી. દવેના સ્મરણાર્થે હસ્તે શ્રી દિપકભાઈ જી. દવે તરફથી

**જનોઈ બદલવાના પ્રસંગે ભેટ**

રૂ. ૧૦૧૦/– શ્રી રાજેન્દ્રભાઈ નટવરલાલ ઠાકર તરફથી, રૂ. ૫૮૦/– શ્રી ભૂપેન્દ્રભાઈ એમ. ખંભોળજા તરફથી

**કમલેશ જે. ભટ્ટ** — **પ્રમુખ**

**તરલ (રાકેશ) એમ. ભટ્ટ/હેતલકુમાર બી. ભટ્ટ** — **મંત્રી**

---

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ

ઓફિસ – શ્રી નિર્મળાબેન જે. દેસાઈ, "મંગલમ સ્ટોર્સ", ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ. ફોન – ૨૫૪૬૬૭૫૧, ૯૩૨૮૨૩૦૬૭૦

**નવરાત્રિ મહોત્સવ**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દર વર્ષની જેમ જ વેદ મંદિર કાંકરીયા ખાતે પ્રાર્થના હોલમાં ગરબા મહોત્સવનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ છે (૧) સાંજે ૭.૦૦ વાગે, વાર્ષિક સભા (૨) સાંજે ૮.૦૦ વાગે શૈક્ષણિક ઈનામ વિતરણ (૩) સાંજે ૮.૩૦ ચા–કોફી–નાસ્તો–અલ્પાહાર (૪) રાત્રે ૯.૦૦ વાગે આરતી બાદ રાસ ગરબા અને માતાજીની પ્રસાદીરૂપ લ્હાણી. ગરબા માટેના વિજેતાઓનું ઈનામ વિતરણ. ત્રીજું નોરતું તા. ૨૮–૯–૨૦૨૨ને સાંજે ૭.૦૦ વાગ્યે.

**શૈક્ષણિક ઈનામ વિતરણ**

શૈક્ષણિક ઈનામ વિતરણ માટે જે વિદ્યાર્થીનીઓ (ધો. ૧૦, ૧૧, ૧૨, કોલેજના બધા જ ક્ષેત્રોમાં અભ્યાસ કરતી પાસ થયેલી દીકરીઓ) પોતાની માર્કશીટ મંગલમ સ્ટોર્સ પર પહોંચતી કરી દેવી. સાંજે ૫.૦૦ થી ૭.૦૦માં

**અન્નપૂર્ણા સહાય યોજના**

અમારી સંસ્થા દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી જ્ઞાતિના જરૂરીયાત મંદ ભાઈ–બહેનોને પહોંચતી કરવામાં આવે છે. (ઉમરેઠ–ડાકોર સ્થિત) આ માટે અમોને જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી સતત દાનનો પ્રવાહ મળતો રહ્યો છે. આ વખતે તેની યાદી નીચે મુજબ છે.

(૧) શ્રી વિજયભાઈ કેશવલાલ પંડ્યા રૂ. ૧૧૦૦૦/– (૨) શ્રી પ્રણવભાઈ રાજેન્દ્રભાઈ દવે રૂ. ૨૦૦૦/– (૩) શ્રી દિપકભાઈ જી. દવે સ્વ. શ્રી ગૌરીશંકર દવેના સ્મરણાર્થે રૂ. ૧૧૦૦૦/– (૪) શ્રી હેમલતાબેન પ્રવિણચંદ્ર શેલત સ્વ. શ્રી મુકેશભાઈ પી. શેલતના સ્મરણાર્થે રૂ. ૧૦૦૦/– (૫) શ્રી કિરણકુમાર રામચંદ્ર ભટ્ટ તરફથી સ્વ. શ્રી શાંતાબેન રામચંદ્ર ભટ્ટના સ્મરણાર્થે રૂ. ૧૧૦૦૦/–

**મંત્રીશ્રી** — **બેલાબેન દેસાઈ / ભોપીબેન ભટ્ટ**

**પ્રમુખ** — **કલ્પનાબેન ખંભોળજા**

## શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતી - ભરૂચ

**ચોપડા વિતરણ**

સ્કુલો અને કોલેજો શરૂ થઈ જતા દર વર્ષની જેમ જ્ઞાતિના વિદ્યાર્થીઓને રાહત દરે ચોપડા વિતરણ કરવામાં આવ્યા. જેનો લાભ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ લીધો.

આ ચોપડા વિતરણમાં દાતા તરીકે (૧) ગં.સ્વ. જયવંતિબેન બાબારાવ દણાંક તરફથી રૂ. ૧૦,૦૦૦/- (૨) રાજેન્દ્રકુમાર ભાનુશંકર ભટ્ટ તરફથી રૂ. ૫૦૦૦/- (૩) હરેશભાઈ વૈકુંઠલાલ શેલત તરફથી રૂ. ૫૦૦૦/- દાન પેટે મળેલ તેમનો હિતવર્ધક સમિતી ખુબ ખુબ આભાર માને છે.

**જનોઈ બદલવાનું**

તા. ૧૧-૦૮-૨૨ના દિવસે શ્રાવણી નક્ષત્રના દિવસે સમુહ જનોઈ બદલવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં જ્ઞાતિજનોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. જનોઈ બદલવાના કાર્યક્રમ નિમિત્તે (૧) શૈલેશભાઈ રમણલાલ દવે તરફથી ભોજન પેટે રૂ. ૩૫૦૦/- (૨) સ્વ. હિતેશભાઈ અશ્વિનભાઈ દવે તરફથી રૂ. ૧૫૦૦/- (૩) હર્ષ હિતેશભાઈ શુક્લ તરફથી રૂ. ૧૦૦૦/- દાન પેટે મળેલ છે. આ તમામ દાતાઓ અને યજ્ઞોપવિત વિધીમાં બેસનાર જ્ઞાતિજનોનો ખૂબ ખૂબ આભાર માનીએ છે.

| | |
|---|---|
| **રાકેશભાઈ દણાંક** | **સેજલભાઈ દેસાઈ** |
| **મંત્રી** | **પ્રમુખ** |

## શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ - અમદાવાદ

C/o સુનીલ દવે ૪૭, જનપથ સોસાયટી, કેનાલ રોડ, ઘોડાસર, અમદાવાદ-૩૮૦૦૫૦

**હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ**

શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ દ્વારા તા. ૦૭-૦૮-૨૦૨૨ના રોજ શ્રી રામકૃષ્ણ પાર્ટી પ્લોટ, મણીનગર (પૂર્વ), અમદાવાદ ખાતે કરવામાં આવ્યો હતો. જેમાં ૧૧ યજમાન સાથે દેવાધિદેવ મહાદેવની ભક્તિના પવિત્ર શ્રાવણ માસમાં વર્ષોથી જે મુજબ શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ લઘુરૂદ્રનું આયોજન કરતો આવ્યો છે તે મુજબ હોમાત્મક લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવેલ હતું. ૧૧ યજમાનના પરિવારજનો, દાતાશ્રીઓ, ગુરુદેવશ્રીઓ, બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ સભ્યસંખ્યા સાથે ખૂબ જ સુંદર રીતે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવલે હતું. લઘુરૂદ્રના મહાપ્રસાદમાં સાંજે ૫૦૦ જ્ઞાતિજનોએ લાભ લીધો હતો. શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ કાર્યમાં મદદરૂપ થનાર સર્વેનો આભારી છે.

હોમાત્મક લઘુરૂદ્રમાં નીચે મુજબનું દાન સંસ્થાને પ્રાપ્ત થયેલ છે.

(૧) શ્રી સંજયભાઈ ભટ્ટ રૂ. ૩૧૦૦/- (૨) શ્રી વૈભવી-પ્રણાલી વનરાજ ઠાકર રૂ. ૨૫૦૦/- (૩) શ્રી પ્રકાશકુમાર ચીમનલાલ દવે રૂ. ૧૫૦૦/- (૪) શ્રી ગિરીશભાઈ મહેતા રૂ. ૧૧૦૦/- (૫) શ્રી હિતેશભાઈ દવે રૂ. ૧૦૦૧/- (૬) શ્રી શ્રદ્ધાબેન એ. દવે રૂ. ૧૦૦૧/- (૭) શ્રી ખ્યાતિબેન પરેશભાઈ ભટ્ટ રૂ. ૧૦૦૦/- (૮) શ્રી સુધીરભાઈ ભટ્ટ રૂ. ૧૦૦૦/- (૯) શ્રી વિનોદાબેન દિનેશભાઈ પંડ્યા રૂ. ૫૦૫/- (૧૦) શ્રી માલતીબેન પ્રભુચંદ્ર ઠાકર રૂ. ૫૦૧/- (૧૧) શ્રી સેજલ રશ્મકાંત ઠાકર રૂ. ૫૦૧/- (૧૨) શ્રી મંજુલાબેન સુરેન્દ્રકુમાર

ઠાકર રૂ. ૫૦૧/– (૧૩) શ્રીકલ્પેશભાઈ દવે રૂ. ૫૦૧/– (૧૪) શ્રી મહેન્દ્રભાઈ એ. દવે રૂ. ૫૦૧/– (૧૫) શ્રી સુનીલભાઈ રૂ. ૫૦૧/– (૧૬) શ્રી મેહુલભાઈ મહેતા રૂ. ૫૦૧/– (૧૭) શ્રી વિરલકુમાર રૂ. ૫૦૧/– (૧૮) શ્રી હેમલતાતબેન ખંભોળજા રૂ. ૫૦૧/– (૧૯) શ્રી ગાર્ડન રેસીડન્સી રૂ. ૫૦૧/–(૨૦) શ્રી જનકકુમાર પી. દવે રૂ. ૫૦૧/– (૨૧) શ્રી જયશ્રીબેન બી. દવે રૂ. ૫૦૦/– (૨૨) શ્રી જતીન અશોક ભટ્ટ રૂ. ૫૦૦/– (૨૩) શ્રી સ્વ. શૈલેષભાઈ જયંતિલાલ ભટ્ટ રૂ. ૫૦૦/– (૨૪) શ્રી વિનાયક વાસુદેવ ભટ્ટ રૂ. ૫૦૦/– (૨૫) શ્રી ઉદયભાઈ ભટ્ટ રૂ. ૫૦૦/– (૨૬) શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ રૂ. ૫૦૦/– (૨૭) શ્રી સંજયભાઈ ભટ્ટ રૂ. ૫૦૦/– (૨૮) શ્રી દક્ષાબેન દવે રૂ. ૫૦૦/– (૨૯) શ્રી બિપીનભાઈ ભટ્ટ રૂ. ૫૦૦/– (૩૦) શ્રી ચંદ્રેશભાઈ રૂ. ૫૦૦/– (૩૧) અન્ય જ્ઞાતિજનો તરફથી રૂ. ૩૭૫૮/–

**વસ્તુરૂપી દાન**

(૧) શ્રી શૈલેષભાઈ નટરવરલાલ જોષી – સાંજના મહાપ્રસાદમાં ૧૦૦ માણસના મહાપ્રસાદનું સેવા (૨) શ્રી દ્રષ્ટિ અને શ્રી દર્શી સ્નેહલભાઈ ભટ્ટ – ફળોની સેવા અને સ્થાપનની સેવા (૩) શ્રી આશિકભાઈ મહેતા – તલની સેવા (૪) શ્રી દેવાગભાઈ જોષી – નાળિયેરની સેવા (૪) શ્રી તરલભાઈ ભટ્ટ – ફુલહારની સેવા (૫) શ્રી દિલીપભાઈ પંડ્યા – ઘીની સેવા (૬) જયેન્દ્રભાઈ દવે – છાણાની સેવા (૭) શ્રી સુનીલભાઈ દવે – કાષ્ટની સેવા (૮) શ્રી વિનયભાઈ દવે – કાષ્ટની સેવા (૯) શ્રી જીતુભાઈ ભટ્ટ – જનોઈની સેવા (૧૦) શ્રી બિપીનભાઈ જોષી – પીતામ્બરની સેવા, શાલની સેવા, પુજાથાળી મોટી તથા નાની, ગણપતિની મૂર્તિ, ખેસ (૧૧) શ્રી નિલેશભાઈ ઠાકર – માઈકની સેવા (૧૨) શ્રી ભાવેશભાઈ પંડ્યા – શીવ સહસ્ર નામાવલી પુસ્તિકા (૧૩) શ્રી ભંવરલાલ પુરોહિત – ચા–કોફીની સેવા

**તરલભાઈ ભટ્ટ – પ્રમુખ** **ભાવેશ પંડ્યા – મંત્રી**

**સમગ્ર ટ્રસ્ટીઓ, સલાહકારો, હોદ્દેદારો અને કારોબારી સભ્યો**

---

## શ્રી અમરેશ્વર મહાદેવ – વારાહી માતા – કાળકા માતા તથા જલારામ બાપા ટ્રસ્ટ ઉમરેઠ

વારાહી માતા મંદિર, વારાહી ચકલ, ઉમરેઠ–૩૮૮૨૨૦ (ગુજરાત)

સર્વે ભાવિક ભક્તોને વારાહી માતાજીના જય માતાજી સવિનય સાથે જણાવવાનું કે વારાહી માતાજીનો વિશ્વ વિખ્યાત હવન તા. ૦૪–૧૦–૨૨ને મંગળવારના રોજ રાત્રે ૧૧.૦૦ વાગે રાબેતા મુજબ ચાલુ થશે. તો સર્વે ભાવિક ભક્તોએ દર્શનનો લાભ લેવા વિનંતી છે.

હવનના મુખ્ય યજમાન નિરવભાઈ મહેન્દ્રભાઈ દવે – ગાંધીનગર યજમાન પદે બિરાજશે.

આવો હવન ફક્ત બે જગ્યાએ થાય છે. એક કાશીમાં અને બીજો ઉમરેઠમાં આ હવનમાં લાખોની સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવે છે અને ભક્તો માતાજીના કાળા દોરા કરવા બેસે છે. અને આ દોરો ધારણ કરવાથી સંકેટ તળે છે.

**સુરેશભાઈ જોષી–પ્રમુખ**

# શ્રી રામ રક્ષા સ્તોત્રમ્

ૐ અસ્ય શ્રી રામરક્ષા સ્તોત્રમંત્રસ્ય
બુધકૌશિક ઋષિ:
શ્રી સીતારામ ચંદ્રોદેવતા
અનુષ્ટુપ્ છંદ:
સીતા શક્તિ:
શ્રીમદ્ હનુમાન્ કીલકમ્
શ્રીરામચંદ્ર પ્રીત્યર્થે રામરક્ષા સ્તોત્રજપે વિનિયોગ: ॥

## ધ્યાનમ્

ધ્યાયેદાજાનુબાહું ધૃતશર ધનુષં બદ્ધ પદ્માસનસ્થં
પીતં વાસોવસાનં નવકમલ દળસ્પર્થિ નેત્રં પ્રસન્નમ્ ।
વામાંકારૂઢ સીતામુખ કમલમિલલ્લોચનં નીરદાભં
નાનાલંકાર દીપ્તં દધતમુરુ જટામંડલં રામચંદ્રમ્ ॥

## સ્તોત્રમ્

ચરિતં રઘુનાથસ્ય શતકોટિ પ્રવિસ્તરમ્ ।
એકૈકમક્ષરં પુંસાં મહાપાતક નાશનમ્ ॥ ૧ ॥
ધ્યાત્વા નીલોત્પલ શ્યામં રામં રાજીવલોચનમ્ ।
જાનકી લક્ષ્મણોપેતં જટામુકુટ મંડિતમ્ ॥ ૨ ॥
સાસિતૂણ ધનુર્બાણ પાણિં નક્તં ચરાંતકમ્ ।
સ્વલીલયા જગર્તાતુ માવિર્ભૂતમજં વિભુમ્ ॥ ૩ ॥
રામરક્ષાં પઠેત્પ્રાજ્ઞઃ પાપઘ્નીં સર્વકામદામ્ ।
શિરો મે રાઘવ: પાતુ ફાલં દશરથાત્મજ: ॥ ૪ ॥
કૌસલ્યેયો દશૌપાતુ વિશ્વામિત્રપ્રિય: શ્રૃતી ।
ઘ્રાણં પાતુ મખત્રાતા મુખં સૌમિત્રિવત્સલ: ॥ ૫ ॥
જિહ્વાં વિદ્યાનિધિ: પાતુ કંઠં ભરતવંદિત: ।
સ્કંધૌ દિવ્યાયુધ: પાતુ ભુજૌ ભગ્નેશકાર્મુક: ॥ ૬ ॥
કરૌ સીતાપતિ: પાતુ હૃદયં જામદગ્ન્યજિત્ ।
મધ્યં પાતુ ખરધ્વંસી નાભિં જાંબવદાશ્રય: ॥ ૭ ॥
સુગ્રીવેશ: કટિં પાતુ સક્થિની હનુમત્–પ્રભુ: ।
ઊરૂ રઘૂત્તમ: પાતુ રક્ષ:કુલ વિનાશકૃત્ ॥ ૮ ॥
જાનુની સેતુકૃત્–પાતુ જંઘે દશમુખાંતક: ।
પાદૌ વિભીષણશ્રીદ: પાતુ રામોડખિલં વપુ: ॥ ૯ ॥

એતાં રામબલોપેતાં રક્ષાં યઃ સુકૃતી પઠેત્ ।
સ ચિરાયુઃ સુખી પુત્રી વિજયી વિનયી ભવેત્ ॥ ૧૦ ॥
પાતાળ – ભૂતલ – વ્યોમ – ચારિણ – શ્ચદ્મ – ચારિણઃ ।
ન દ્રષ્ટુમપિ શક્તાસ્તે રક્ષિતં રામનામભિઃ ॥ ૧૧ ॥
રામેતિ રામભદ્રેતિ રામચંદ્રેતિ વા સ્મરન્ ।
નરો ન લિપ્યતે પાપૈર્ભુક્તિં મુક્તિં ચ વિંદતિ ॥ ૧૨ ॥
જગજ્જૈત્રૈક મંત્રેણ રામનામ્નાભિ રક્ષિતમ્ ।
યઃ કંઠે ધારયેત્તસ્ય કરસ્થાઃ સર્વસિદ્ધયઃ ॥ ૧૩ ॥
વજ્રપંજર નામેદં યો રામકવચં સ્મરેત્ ।
અવ્યાહતાજ્ઞઃ સર્વત્ર લભતે જયમંગળમ્ ॥ ૧૪ ॥
આદિષ્ટવાન્–યથા સ્વપ્ને રામરક્ષામિમાં હરઃ ।
તથા લિખિતવાન્–પ્રાતઃ પ્રબુદ્ધૌ બુધકૌશિકઃ ॥ ૧૫ ॥
આરામઃ કલ્પવૃક્ષાણાં વિરામઃ સકલાપદામ્ ।
અભિરામ–સ્ત્રિલોકાનાં રામઃ શ્રીમાન્ સ નઃ પ્રભુઃ ॥ ૧૬ ॥
તરુણૌ રૂપસંપન્નૌ સુકુમારૌ મહાબલૌ ।
પુંડરીક વિશાલાક્ષૌ ચીરકૃષ્ણાજિનાંબરૌ ॥ ૧૭ ॥
ફલમૂલાશિનૌ દાંતૌ તાપસૌ બ્રહ્મચારિણૌ ।
પુત્રૌ દશરથસ્યૈતૌ ભ્રાતરૌ રામલક્ષ્મણૌ ॥ ૧૮ ॥
શરણ્યૌ સર્વસત્ત્વાનાં શ્રેષ્ઠૌ સર્વધનુષ્મતામ્ ।
રક્ષઃકુલ નિહંતારૌ ત્રાયેતાં નો રઘૂત્તમૌ ॥ ૧૯ ॥
આત્ત સજ્ય ધનુષા વિષુસ્પૃશા વક્ષયાશુગ નિષંગ સંગિનૌ ।
રક્ષણાય મમ રામલક્ષણાવગ્રતઃ પથિ સદૈવ ગચ્છતામ્ ॥ ૨૦ ॥
સન્નદ્ધઃ કવચી ખડ્ગી ચાપબાણધરો યુવા ।
ગચ્છન્ મનોરથાન્નશ્ચ (મનોરથોડસ્માકં) રામઃ પાતુ સ લક્ષ્મણઃ ॥ ૨૧ ॥
રામો દાશરથિ શ્શૂરો લક્ષ્મણાનુચરો બલી ।
કાકુત્સઃ પુરુષઃ પૂર્ણઃ કૌસલ્યેયો રઘૂત્તમઃ ॥ ૨૨ ॥
વેદાંતવેદ્યો યજ્ઞેશઃ પુરાણ પુરુષોત્તમઃ ।
જાનકીવલ્લભઃ શ્રીમાનપ્રમેય પરાક્રમઃ ॥ ૨૩ ॥
ઇત્યેતાનિ જપેન્નિત્યં મદ્ભક્તઃ શ્રદ્ધયાન્વિતઃ ।
અશ્વમેધાધિકં પુણ્યં સંપ્રાપ્નોતિ ન સંશયઃ ॥ ૨૪ ॥
રામં દૂર્વાદલ શ્યામં પદ્માક્ષં પીતવાસસમ્ ।
સ્તુવંતિ નાભિ–ર્દિવ્યૈ–ર્નતે સંસારિણો નરાઃ ॥ ૨૫ ॥

રામં લક્ષ્મણ પૂર્વજં રઘુવરં સીતાપતિં સુંદરમ્
કાકુત્સ્થં કરુણાર્ણવં ગુણનિધિં વિપ્રપ્રિયં ધાર્મિકમ્ ।
રાજેંદ્રં સત્યસંધં દશરથતનયં શ્યામલં શાંતમૂર્તિમ્
વંદે લોકાભિરામં રઘુકુલ તિલકં રાઘવં રાવણારિમ્ ॥ ૨૬ ॥
રામાય રામભદ્રાય રામચંદ્રાય વેધસે ।
રઘુનાથાય નાથાય સીતાયા: પતયે નમ: ॥ ૨૭ ॥
શ્રીરામ રામ રઘુનંદન રામ રામ શ્રીરામ રામ ભરતાગ્રજ રામ રામ ।
શ્રીરામ રામ રણકર્કશ રામ રામ શ્રીરામ રામ શરણં ભવ રામ રામ ॥ ૨૮ ॥
શ્રીરામ ચંદ્ર ચરણૌ મનસા સ્મરામિ શ્રીરામ ચંદ્ર ચરણૌ વચસા ગૃહ્ણામિ ।
શ્રીરામ ચંદ્ર ચરણૌ શિરસા નમામિ શ્રીરામ ચંદ્ર ચરણૌ શરણં પ્રપદ્યે ॥ ૨૯ ॥
માતા રામો મત્-પિતા રામચંદ્ર: સ્વામી રામો મત્-સખા રામચંદ્ર: ।
સર્વસ્વં મે રામચંદ્રો દયાળુ: નાન્યં જાને નૈવ ન જાને ॥ ૩૦ ॥
દક્ષિણે લક્ષ્મણો યસ્ય વામે ચ (તુ) જનકાત્મજા ।
પુરતો મારુતિર્યસ્ય તં વંદે રઘુનંદનમ્ ॥ ૩૧ ॥
લોકાભિરામં રણરંગધીરં રાજીવનેત્રં રઘુવંશનાથમ્ ।
કારુણ્યરૂપં કરુણાકરં તં શ્રીરામચંદ્રં શરણ્યં પ્રપદ્યે ॥ ૩૨ ॥
મનોજવં મારુત તુલ્ય વેગં જિતેંદ્રિયં બુદ્ધિમતાં વરિષ્ટમ્ ।
વાતાત્મજં વાનરયૂથ મુખ્યં શ્રીરામદૂતં શરણં પ્રપદ્યે ॥ ૩૩ ॥
કૂજંતં રામરામેતિ મધુરં મધુરાક્ષરમ્ ।
આરુહ્યકવિતા શાખાં વંદે વાલ્મીકિ કોકિલમ્ ॥ ૩૪ ॥
આપદામપહર્તારં દાતારં સર્વસંપદામ્ ।
લોકાભિરામં શ્રીરામં ભૂયોભૂયો નમામ્યહમ્ ॥ ૩૫ ॥
ભર્જનં ભવબીજાનામર્જનં સુખસંપદામ્ ।
તર્જનં યમદૂતાનાં રામ રામેતિ ગર્જનમ્ ॥ ૩૬ ॥
રામો રાજમણિ: સદા વિજયતે રામં રમેશં ભજે
રામેણાભિહતા નિશાચરચમૂ રામાય તસ્મૈ નમ: ।
રામાન્નાસ્તિ પરાયણં પરતરં રામસ્ય દાસોસ્મ્યહં
રામે ચિત્તલય: સદા ભવતુ મે ભો રામ મામુદ્ધર ॥ ૩૭ ॥
શ્રીરામ રામ રામેતિ રમે રામે મનોરમે ।
સહસ્રનામ તત્તુલ્યં રામ નામ વરાનને ॥ ૩૮ ॥
ઇતિ શ્રીબુધકૌશિકમુનિ વિરચિતં શ્રીરામ રક્ષાસ્તોત્રં સંપૂર્ણમ્ ।
શ્રી રામ જય રામ જય જય રામ ।

## શરદી - સહજ મટાડો

*શું તમારા નાકમાંથી, શરદી જેવું પાણી નીકળે છે? તો અજમાવો એક બહુ જ હાથવગો, સરળ પણ અકસીર અસરકારક ઉપાય. કાળાં મરી ફક્ત ૩ દાણા લો. મોમાં મુકો અને દાંત વચ્ચે દબાવીને તોડી નાંખો. આ તૂટેલાં મરીનાં દાણા ને હવે મોંના ગલોફામાં બસ મૂકી જ રાખવાના છે. ચાવવાના નથી. એનો ફક્ત રસ જ ચૂસવાનો છે. તમારે એની અકસીર અસરકારકતા નોંધવી હોય, તો મરીનાં દાણા તોડી મોમાં મુકો એ સમય નોંધી લો. બસ હવે પછીની ૫ થઈ ૭ મિનિટમાં તમારા નાકમાંથી પાણી નીકળતું બંધ થઈ જશે.*

## ડોક્ટરની ડાયરી

**- ડોક્ટર શરદ ઠાકર**

*સંભારણાંઓ યાદ જૂની ભૂલવા દેતાં નથી..*

*જખ્મને રાખે છે તાજા રૂઝવા દેતાં નથી...*

*'પાંચમી જાન્યુઆરીએ આપણી મેડિકલ કોલેજનું 'એલ્યુમ્ની ફંક્શન' છે. તમને ભાષણ આપવા માટે બોલાવેલ છે. આવો છો ને?'*

*ડો. આચાર્ય સાહેબે પહેલાં આમંત્રણ આપ્યું, પછી આગ્રહ ભભરાવ્યો...*

*'જૂનાં અને નવાં અસંખ્ય ડોક્ટરો આવવાના છે. એમને મળવાની મઝા પડશે. વળી એમ.પી. શાહ મેડિકલ કોલેજમાં ભણીને તો તમે એમ.બી.બી.એસ. થયા છો. એ કોલેજ ખુદ તમને માન આપીને 'ગેસ્ટ સ્પીકર' તરીકે બોલાવતી હોય, તો તમે ના પાડી જ ન શકો ને!'*

*મેં માથું હલાવીને હા પાડી. ડો. આચાર્યસાહેબે કહ્યું એ સમારંભમાં જવા માટે મારી પાસે એક કરતાં વધારે કારણો હતા. આ કોલેજ મારી માતૃસંસ્થા હતી, છે અને રહેશે એ કારણ તો પાયાનું, પણ સૌથી મહત્ત્વનું કારણ અઠવાડિયા પહેલાં મારી ઉપર આવી ગયેલો એક ટેલિફોનિક આદેશ. એ સાંજે મેં રિસિવર ઉઠાવ્યું, તો સામેથી એક અવાજ સંભળાયો. પ્રૌઢ છતાં મીઠો અવાજ. કોઇ 'નાગર'ના જ હોઇ શકે એવા સ્પષ્ટ ઉચ્ચારો અને લાગણીનું આખું ચોમાસું અવાજના વાદળમાંથી વરસતું અનુભવાય.*

*એ ડો. યાજ્ઞિક હતા. ડો.વિપુલ યાજ્ઞિક સર જેમના હાથ નીચે આજથી એકત્રીસ વર્ષ પૂર્વે હું એક વિદ્યાર્થી તરીકે મેડિસિનના પાઠો ભણતો હતો. નખશીખ પ્રોફેસર.*

*જેમને જોતાંવેંત મસ્તક ઝૂકી જાય એવા શિક્ષક.*

*માનવ શરીરના એકે-એક કોષના મર્મી. શરીરને લાગુ પડતા પ્રત્યેક રોગના જાણકાર. વર્ષો સુધી જામનગરની ઇરવીન હોસ્પિટલના મેડિસિન વિભાગના વડા રહી ચૂકેલા ડો. યાજ્ઞિક સર એટલે સૌરાષ્ટ્રમાં ઘરે-ઘરે જાણીતું નામ. એ યાજ્ઞિક સાહેબ ભીંજવી નાખે એવા સ્વરમાં મને કહી રહ્યા હતા...*

*'શરદ! બેટા, એક વિનંતી કરું છું. સ્વીકારીશ?'*

*હું સ્તબ્ધ...!!! મારાથી બોલી જવાયું....*

'ના, નહીં સ્વીકારું!'

હવે સ્તબ્ધ થવાનો વારો યાજ્ઞિક સાહેબનો હતો,

'કેમ ?'

મેં ભીના અવાજમાં ખુલાસો રજૂ કર્યો,

'એક બાજુ તમે મને 'બેટા' કહીને સંબોધન કરો છો અને બીજી તરફ વિનંતી કરી રહ્યા છો ? તમારી આ ગુસ્તાખી હરગિઝ સ્વીકારવામાં નહીં આવે, સર !'

'તો શું કરું ?'

'હુકમ કરો, સાહેબ ! પછી જુઓ કે આ 'બેટો' તમારી વાત માને છે કે નહીં..!'

મારા અવાજમાં આવેગનો ઉછાળ હતો. લાગણીની છાલક હતી. આદરનું મોજુ હતું.

યાજ્ઞિક સાહેબે એ પછી પણ ધીમા વિનમ્ર અવાજમાં મને 'આદેશ' ફરમાવ્યો.

'પાંચમી જાન્યુઆરીએ જામનગર પધારવાનું છે. તારા લેખનકાર્યના અને વિદ્યાર્થી કાળના અનુભવો અને સંસ્મરણો વિષે વાત કરવાની છે.'

મેં હુકમ સર-આંખો પર ચડાવ્યો.

એ પછી જોગાનુજોગ એ સમારંભના એક જ અઠવાડિયા પહેલાં મારે જામનગર જવાનું બન્યું. એ વળી એક અલગ જ કાર્યક્રમ હતો. ત્યાં યોજાયેલી 'અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ'ના એક અધિવેશનના ઉદ્ઘાટક તરીકે હું ગયો હતો. સમારંભ રંગેચંગે સંપન્ન થઇ ગયા પછી ત્યાંની હોસ્પિટલના ચામડીના વિભાગના વડા ડો. આચાર્ય મારું અપહરણ કરીને એમના ઘરે લઇ ગયા. જમી-પરવારીને અમે બંને વાતો કરવા બેઠા. જામનગરનો પોશ ઇલાકો હતો. વિશાળ બંગલો હતો. ભાંગતી રાત હતી અને જામતી વાત હતી. બોલનારા અમે બે હતા અને સાંભળવા માટે શ્રીમતી આચાર્ય હતાં અને ડો.આચાર્ય મને પૂછી રહ્યા હતા.

'પાંચમી તારીખે આવો છો ને ?'

મારે ભાષણ મારા વિદ્યાર્થી કાળના સંસ્મરણો વિષે કરવાનું હતું અને ઉશ્કેરણી મેં ડો. આચાર્યની કરી દીધી.

'મારી વાત તો હું ભાષણમાં કહી સંભળાવીશ, પણ સંસ્મરણો તો તમારાયે હશે ને..! અત્યારે એની વાત કરો.'

આ સાથે જ સાહેબ ગંભીર બની ગયા. ચામડીના રોગોના ખ્યાતિપ્રાપ્ત નિષ્ણાત, પૂરા સૌરાષ્ટ્રને રક્તપિત્ત-મુક્ત કરી મૂકનાર અને આ સિદ્ધિ બદલ અસંખ્ય ઇનામો, ચંદ્રકો અને સન્માનો પ્રાપ્ત કરી ચૂકેલા આ સત્તાવન વર્ષના મહાનુભાવ એક ક્ષણમાં વિદ્યાર્થી બની ગયા. સત્તર વર્ષના થઇ ગયા. કોલેજનો એ પ્રથમ દિવસ. ફર્સ્ટ એમ.બી.બી.એસ.નું વરસ.

સત્તર વરસનો કિરીટ આચાર્ય ડિસેક્શન હોલમાં અન્ય વિદ્યાર્થીઓની સાથે મૃતદેહની ચીરફાડ કરી રહ્યો હતો. વિશાળ ખંડમાં આઠ-દસ ટેબલો ઉપર નિર્જીવ માનવદેહો પડેલા હતા. ફોર્મેલીનની તીવ્ર દુર્ગંધ વિદ્યાર્થીઓના નાકમાં પ્રવેશીને સીધી દિમાગમાં ઘૂસી રહી હી. ત્યાં ડો. ભાર્ગવ સાહેબનો ઘાંટો સંભળાયો...

'હેઇપચુપ! કમ હિયર..!'

ડો. ભાર્ગવસાહેબ બિનગુજરાતી હતા.એનેટોમી વિષયના સર્વશ્રેષ્ઠ જાણકાર હતા. અહીં આવતાં પહેલાં તેઓ આર્મીમાં હતા. અહીં આવ્યા પછી પણ એમણે મિજાજ અને અવાજ લશ્કરના જ ચાલુ રાખ્યા હતા.

કિરીટ ધ્રૂજી ઉઠયો. સાહેબ એના શર્ટનો કોલર પકડીને ખેંચી ગયા.

બધાં વિધાર્થીઓ જોઇ શકે એ રીતે ટેબલ પાસે લઇ ગયા, પછી મોટેથી કહ્યું.

'જુઓ, આ મૂરખને ! ધિસ સ્ટુપિડ બોય ! કોલેજમાં લેંઘો ચડાવીને આવ્યો છે ! મેડિકલ કોલેજમાં અને પગમાં સ્લીપર્સ છે !'

ભાર્ગવસાહેબની વાત સાંભળીને તમામ વિધાર્થીઓ હસ્યા. સાહેબે હવે કિરીટ સામે જોયું,

'તને કંઇ ભાન-બાન છે કે નહીં? તું અત્યારે મેડિકલ સ્ટુડન્ટ છે અને ભવિષ્યનો ડોક્ટર ! આપણા સમાજમાં જેનું સૌથી વધારે માન-પાન છે એવો ડોક્ટર બનવાનો છે તું. આપણાં કપડાંમાં, પગરખામાં અને વાણી-વર્તનમાં એક ચોક્કસ પ્રકારની ગરિમા હોવી જોઇએ. મેડિકલ સ્ટુડન્ટ હંમેશાં શર્ટ, પેન્ટ અને બૂટમાં જ હોવો જોઇએ. આ લેંઘો પહેરીને તું કોલેજમાં આવી નહીં શકે. હું તને હુકમ કરું છું, 'ગેટ આઉટ એન્ડ કમ બેક ઇન ડિસન્ટ કલોઝ એન્ડ શૂઝ !'

કિરીટ ચાલ્યો ગયો. આટલા બધાં છોકરાઓ અને છોકરીઓની હાજરીમાં આટલું મોટું અપમાન ? એની આંખોમાં આંસુ ધસી આવ્યા. ત્યાં જ સામેથી આવી રહેલા ડો. જાવડેકર એને જોઇ ગયા. જાવડેકર સાહેબ 'હેડ ઓફ ધી એનેટોમી ડિપાર્ટમેન્ટ' હતા, મહારાષ્ટ્રીયન હતા અને માયાળુ હતા.

'કેમ રડે છે, ભાઇ ?'

ડો. જાવડેકરે કિરીટને બરડે હાથ પસવાર્યો.

'સર, મને ભાર્ગવસાહેબે કાઢી મૂકયો. લેંઘો અને સ્લીપર્સ પહેરીને આવવાની સજા કરી. પણ સાહેબ, હું શું કરું..? મારા પિતાજી સાવરકુંડલામાં શિક્ષક છે. પાંસઠ રૂપિયાનો પગાર છે. અમે છ ભાઇ-બહેનો છીએ. હું કોઇ કાળે પેન્ટ કે બૂટ ખરીદી શકું તેમ નથી. મારી પાસે તો ભોજન ખર્ચનીયે જોગવાઇ નથી. મેસમાં બિલ ભરવું ન પડે એટલા ખાતર તો હું મેસના સેક્રેટરી તરીકે સેવા આપું છું. સર, મને જવા દો. મારે અત્યારે જ સામાન લઇને ઘર ભેગા થઇ જવું પડશે. હું ડોક્ટર નહીં બની શકું, સાહેબ!'

'કેમ નહીં બની શકે? તું જરૂર ડોક્ટર બનીશ અને સારો ડોક્ટર બનીશ. હું તારો ટ્રેક રેકોર્ડ જાણું છું. તારી માર્કશીટ જોઇને તો મારી આંખો પણ ચાર થઇ ગઇ હતી. સરકારે તારા માર્ક્સ જોઇને તને એડમિશન આપ્યું છે, તારા કપડાં જોઇને નહીં.'

જાવડેકરસાહેબે એને છાનો રાખ્યો, પછી દૂરના ભૂતકાળમાં જોતા હોય એમ નજર લંબાવીને આસમાન તરફ જોયું, પછી બોલ્યા,

'આ હિન્દુસ્તાન છે, બેટા.ર્ક્જે દેશનો રાષ્ટ્રપિતા પણ લંગોટી પહેરતો હતો. અહીં સદીઓથી માનવીનું મૂલ્ય એના ગુણોથી આંકવામાં આવે છે, એના દેખાવથી કે વસ્ત્રોથી નહીં. તું, આ જ કપડામાં આવવાનું ચાલુ રાખજે. હું ડો. ભાર્ગવને સમજાવી લઇશ.'

બીજા દિવસે લેંઘો અને સ્લીપર્સ પહેરીને કોલેજમાં આવેલા કિરીટને ડો. ભાર્ગવસાહેબ માનપૂર્વક ટેબલ પાસે લઇ ગયા. તમામ વિદ્યાર્થીઓની હાજરીમાં પોતાની ભૂલ સ્વીકારી. પછી કહ્યું 'આઇ એમ સોરી, દીકરા..! ભૂલ તારી નથી, પણ મારી છે. હું ચીંથરામાં વિંટાયેલા રતનને પારખી ન શક્યો.'

રાતના સાડા બાર થવા આવ્યા હતા. ડો. કિરીટ આચાર્ય સત્તરમાંથી ફરી પાછા સત્તાવનના થઇ ગયા. વાતાવરણમાં ભેજ હતો, ચોક્કસ એ ભેજ આંસુનો હોવો જોઇએ.

એમનાં ધર્મપત્નીએ પૂછ્યું 'શરદભાઇ, ફરી વાર ચા થઇ જાય?'

મેં જવાબ આપ્યો 'જરૂર! પણ એ ચાનો સ્વાદ અમારી હોસ્ટેલની કેન્ટીનમાં આદમના હાથની ચા જેવો હોવો જોઇએ..!'

મારા આ વાક્ય સાથે જ વાતાવરણમાં સમાયેલો ભેજ ઊડી ગયો.. અમે ત્રણેય હસી પડયા..

**(શીર્ષક પંક્તિઃ કુતુબ 'આઝાદ')**

## કંઈક તો ખામી રહી હશે ભણતરમાં..!!

કંઈક તો ખામી રહી હશે ભણતરમાં..!!
નહિતર..!!
આર્યભટ્ટનાં દેશમાં બાળકો
ગણિતમાં નાપાસ થાય નહીં..!!
અને કાલિદાસને ભૂલી જઈ,
શેક્સપિયર ભજવાય નહીં..!!
સુશ્રુતનાં દેશમાં સારવાર
આટલી નબળી થાય નહીં..!!
ને..!!
પ્રતાપ-શિવાજી છોડીને
અકબર-ઔરંગઝેબ પૂજાય નહીં..!!
નક્કી, કંઈક તો ખામી
રહી હશે ભણતરમાં..!!
નહિતર..!!
દેશનો દીકરો માતૃભાષા
બોલવામાં થોથવાય નહીં..!!
કંઈક તો ખામી રહી હશે
ઘડતરમાં..!!
નહિતર..!!

નાનાં નાનાં સ્વાર્થ પાછળ
જીવનનાં સંબંધ જોખમાય નહીં..!!
વસુધૈવ કુટુંબકમ્ ને બદલે,
માબાપ વૃદ્ધાશ્રમ જાય નહીં..!!
દિવસ હોય કે રાત,
ક્યારેય નિર્ભયા લૂંટાય નહીં..!!
નક્કી, કંઈક તો ખામી
રહી હશે ઘડતરમાં..!!
નહિતર..!!
જીવનનું મૂલ્ય શૂન્ય બનાવી,
આમ આત્મહત્યાઓ થાય નહી..!!

## ત્રણ સાચી વાતો છે

દેવ, દરિયો, ને દાતાર. એ ત્રણ વિના ધન નહિં.
આધિ, વ્યાધિ, ને ઉપાધિ એ ત્રણ વિના દુ:ખ નહિં.
જ્ઞાન, ભક્તિ, ને વૈરાગ્ય. એ ત્રણ વિના ધર્મ નહિં.
ઉત્પતિ, સ્થિતિ ને પ્રલય. એ ત્રણ વિના જગતનાં ખેલ નહિં.
શિંગ, સરિયો, ને પોપટો એ ત્રણ વિના ધાન્ય નહિં.
વા, ઘા, ને ઘસરકો. એ ત્રણ વિના સંગીત નહિં.
ધાર, અણી, ને ધબાકો. એ ત્રણ વિના હથિયાર નહિં.
ચાવવું, ચૂસવું ને સબડકો. એ ત્રણ વિના ભોજન નહિં.
વ્યસન, આક્રસ, અભીમાન. એ ત્રણ જીવનમા સારાં નહિં.
શ્રવણ, મનન, અભ્યાસ. એ ત્રણ વિના વિધા નહિં.
જૂઠ, કરજ,ને કપટ. એ ત્રણ વિના દુ:ખ નહિં.
વાત, પિત્ત, ને કફ. એ ત્રણ વિના રોગ નહિં.
ઇંગલા, પિંગલા, ને સુક્ષમણા. એ ત્રણ વિના નાડી નહિ.
સ્વપ્ન, ચિત્ર, ને સાક્ષાત. એ ત્રણ વિના દર્શન નહિં.
રજો, તમો અને સત્વો. એ ત્રણ વિના ગુણ નહિં.
ભુત, ભવિષ્ય, ને વર્તમાન. એ ત્રણ વિના કાળ નહિ.
સંચિત, ક્રિયમાણ, ને પ્રારબ્ધ. એ ત્રણ વિના ક્રિયા નહિં.
સંયમ, સંતોષ, ને સાદાય. એ ત્રણ વિના સુખ નહિં.
જર, જોરૂ, ને જમીન, એ ત્રણ વિના કજીયો નહિં.
વાંચવું, લખવું, ને શીખવું. એ ત્રણ વિના બુદ્ધિનાં હથિયાર નહિં.

પૂછવું, જોવું, ને દવા દેવી. એ ત્રણ વિના વૈદું નહિં.
ક્રૂરતા, કૃપર્ણતા, ને કૃતઘ્નતા. એ ત્રણ વિના મોટું કષ્ટ નહિં.
વિદ્યા, કઝ્ઞ, ને ધન. એ ત્રણ સ્વેદ વિના મળે નહિં.
દુ:ખ, દરિદ્રતા, ને પરઘેર રહેવું. એ ત્રણ વિના મોટું દુ:ખ નહિં.
પાન, પટલાઈ, ને પ્રધાન. ત્રણ કાચાં સારાં નહિં.
વૈદ, વેશ્યા, ને વકીલ. એ ત્રણ વિના રોકડિયા નહિં.
ઘંટી, ઘાણી, ને ઉઘરાણી. એ ત્રણ ફેરા ખાધાં વિના પાકે નહિં.
દુર્ગુણ, સદગુણ, ને વખત. એ ત્રણ સ્થિર રહેવાનાં નહિં.
વિદ્યા, હોશિયારી, ને અક્કલ. એ ત્રણ આળસું પાસે જાય નહિં.
વટ, વચન, ને વિવેક. એ ત્રણ વિના શુરવિર નહિં.
નોર, ખરી, ને ડાબલા. એ ત્રણ વિના પશું નહિં.
આ લખનાર વાંચનાર ને સમજનાર આ ત્રણ વિના ઉધ્ધાર નહીં
કવિ, બારોટો, સાહિત્યકાર આ ત્રણ વિના આવુ કોઈ લખનાર નહીં

## આપણે વાસી ખાઇને ઉપવાસી રહીએ છીએ ?

આપણે વાસી ખાઇને ઉપવાસી રહીએ છીએ ?

પહેલાના સમયમાં એક બહેન. લગ્ન થયા. સાસરે ગયા થોડા દિવસ પછી એક સંબંધી તેના ગામમાં આવ્યા મળ્યા જતી વખતે પૂછે છે કે પિયરમાં કંઈ કહેવું છે ?

બહેન કહે કે ઘરે કહેજો કે "દિકરી મજામાં છે વાસી ખાય છે ને ઉપવાસી રહે છે "

પેલા ભાઈ કહે સારું, તેમના ગયા પછી સાસુ પૂછે છે કે "વહુ, તમને અહીં આવ્યા પછી ક્યારે વાસી ખવડાવ્યું? ક્યારે ઉપવાસ કરવો પડ્યો? "

વહુ કહે હું અહીં આવી ત્યારથી જોઉં છું કે બધા ખાઇ-પીને મજા કરે છે. પણ કોઈ ભગવાનને યાદ કરતું નથી કે સત્ કર્મ કરતું નથી ગયા જન્મે કંઈ સારા કર્મો કર્યા હશે તેથી આ જન્મમાં ભગવાને ઘણી સંપત્તિ આપી છે તેથી એવું કહ્યું.

સાસુ કહે બેટા, સમજાવો કેવી રીતે ?

વહુ કહે બા, આ જન્મમાં જે પણ સુખ ભોગવીએ છીએ તે ગયા જન્મના સત્ કર્મનું પરિણામ છે તે અર્થમાં આપણે વાસી (ગયા જન્મનું) ખાઇએ છીએ. અને (આવતા જન્મને માટે) આ જન્મમાં કંઈ સત્ કર્મ કરીને જમા કરાવતા નથી તે અર્થમાં ઉપવાસી રહીએ છીએ.

એટલે કહ્યું કે "વાસી ખાઇએ છીએ અને ઉપવાસી રહીએ છીએ "

આપણું પણ કંઈ તેવું તો નથીને? આંતર અવલોકન કરીએ અને સત્ (પ્રભુ) ને ગમે, તેની નજીક જવાય તેવા થોડાઘણા પણ સત્ કર્મ કરીને આ જન્મ તથા આવતો જન્મ સફ્ફ બનાવીએ. અસ્તુ.

## વાવેલો સંબંધ

કન્ડકટર ભાઇસાબ,આ મારી દીકરી બસમાં એકલી જ છે. એનાં મામાને ઘરે જઇ રહી છે. તમે જરા એનું ધ્યાન રાખજો પનેપ વાસણા આવે એટલે ઉતારી દેજો! જો ઊંઘી ગઇ હોય તો જગાડજો !'

પંદર વર્ષ પહેલાંની ઘટના. ઓગસ્ટનો મહિનો હતો. વરસાદના દિવસો હતા. ચરોતરના એક જાણીતા ગામનો સુખી અને સમૃદ્ધ પટેલ પિતા એની તેર–ચૌદ વર્ષની દીકરી જયશ્રીને અમદાવાદ આવતી એસ.ટી.ની બસમાં બેસાડતી વખતે કન્ડકટરને ભલામણ કરી રહ્યો હતો. છોકરીને જે સીટ ઉપર જગ્યા મળી, એ જ બેઠક ઉપર અમદાવાદના મુકેશભાઇ પણ બેઠા હતા અને ચુપચાપ આ દૃશ્ય જોઇ–સાંભળી રહ્યા હતા.

જયશ્રીના પિતા રમણ પટેલ બસ ઉપડવાની થઇ ત્યાં સુધી ઊભા રહ્યા. બારીમાંથી શિખામણ પીરસતાં રહ્યા, 'બેટા, ખેતરનું કામ નહોત, તો હું તારી સાથેજ આવ્યો હોત. આમ તને સાવ એકલી તો મોકલું જ નહીં ને ! તું પણ ભારે જિદ્દી નીકળી. 'મામાના ઘરે જવું છેપ ભાઇને રાખડી બાંધવી જ છે! એક મહિનાથી આ બેજ વાક્યો સાંભળીને આખા ઘરનાં કાન પાકી ગયા. નહીંતર આજ દિન સુધી તને કયાંય એકલી જવા દીધી નથી.'

બાપની ચિંતા તો હજુયે ચાલુ જ હતી, 'જયશ્રી! બેટા, જાતનું ધ્યાન રાખજે. બારીમાંથી હાથ બહાર કાઢીશ નહીં. અને આ કળિયુગ છે. કોઇનોય વિશ્વાસ કરતી નહીં. પુરુષથી તો ખાસ ચેતતી રેજે. ચાલુ બસમાં કોઇ કંઇ ખાવા–પીવાનું આપે, તો ના પાડી દેજે. વાસણા આવે એટલે કન્ડકટરને પૂછીને ખાતરી કરીને ઉતરી જજે.

ત્યાં તો તારા મામા તને લેવા માટે આવીજ ગયેલા હશે. ઘરે પહોંચ્યા પછી મને ફોન કરી દેજે કે તું સહી સલામત પહોંચી ગઇ છે.'

બસ ચાલુ થઇ. એના એન્જિનની ઘરઘરાટીમાં બાપના શબ્દો ડૂબી ગયા. જયશ્રીની બાજુમાં બેઠેલા ચાલીસ વર્ષના મુકેશભાઇ મનોમન વિચારી રહ્યા, 'બિચારો બાપ! શો જમાનો આવ્યો છે! દીકરી ભલે નાની હોય, તોયે એનાં બાપને એની કેટલી બધી ફિકર હોય છે!

આ બાપડી માંડ તેર–ચૌદ વર્ષની હશે, અંગ ઉપર હજુતો જુવાની બેસવાને ચાર–પાંચ વર્ષની વાર લાગે છે. તોયે એનાં બાપને દીકરી કયાંક ચૂંથાઇ ન જાય એની ચિંતા સતાવે છે. બાપની ફિકર વાજબી પણ છે. શિકારીઓને તો શિકાર સાથે નિસબત છે, શિકારની ઉંમર સાથે એમને શી લેવા–દેવા?'

ટિકિટ..! ટિકિટ..!' કરતો કન્ડકટર આખી બસમાં ફરી વળ્યો. જયશ્રીએ વાસણાની ટિકિટ માગી. કન્ડકટરે પૈસા લીધા. ટિકિટ ફાડી આપી. સાથે હૈયાધારણ પણ આપી,'ગભરાતી નહીં, હોં બેટા! વાસણા આવે એટલે હું તનેપ' અને તેમ છતાં જયશ્રી ગભરાતી રહી. બાજુમાં બેઠેલા મુકેશભાઇને યાદ કરાવતી રહી. દર અડધા કલાકે પૂછતી રહી, 'વાસણા જતું તો નથી રહ્યું ને, કાકા? મને તો ઉંઘ આવે છે, પણ તમે ધ્યાન રાખજો, હોં ને! મને જગાડવાનું ભૂલી ન જતા.'

આમ જુઓ તો આખીય ઘટના સુખાંત સાથે પૂરી થઇ ગઇ હોત. પણ જીવનની સફર એટલી સરળ નથી હોતી. પાયામાં ધરબાયેલી સૌથી મોટી ગરબડ 'વાસણા' નામના કારણે સર્જાઇ ગઇ. ચરોતરમાં વાસણા નામનું એક સાવ નાનું ગામ છે એ વાતની ખબર કન્ડકટરને તો હતી જ, પણ અમદાવાદમાં રહેતા મુકેશભાઇને ન હતી. કન્ડકટર છેક છેવાડાના ભાગે બારણાની બાજુમાં આવેલી એની બેઠકમાં બેઠો–બેઠો ટિકિટનો વકરો ગણી રહ્યો હતો, ત્યાં વાસણા લખેલું પાટિયું કયારે પાછળ છૂટી ગયું એ વાતની કોઇને ખબર ન રહી. મુકેશભાઇનું

પોતાનું રહેવાનું અમદાવાદના જીવરાજ પાર્ક વિસ્તારમાં. એટલે એ તો એક જ વાસણાને ઓળખે અને જયારે બસ અમદાવાદના વાસણા આગળ આવી પહોંચી, ત્યારે મુકેશભાઇએ જયશ્રીને જગાડી, 'બેટા, વાસણા આવી ગયું.'

જયશ્રી તો ડઘાઇ જ ગઇ. આવડું મોટું શહેર, આટલી બધી ઝાકમઝોળ, આટલાં બધાં વાહનો અને માણસોની ભીડ !! બાપડી રડવા માંડી, 'મારે અહીં નથી ઉતરવું. મામાનું વાસણા તો સાવ નાનકડું છે.' બસના મુસાફરો ભેગા થઇને એને છાની રાખવા માંડયા. કન્ડકટરે રસ્તો ચીંધાડયો, 'બસ પોલીસ સ્ટેશને લઇ લઉં?

છોકરીને પોલીસના હાથમાં સોંપી દઇએ. એ લોકો એને સહી સલામત રીતે એનાં મામાના ઘરે પહોંચાડી દેશે.' પેસેન્જરો માંથી એક પણ ને આ 'સહીસલામત' વાળી વાતમાં ભરોસો ન પડયો. જયશ્રીએ પણ છાપામાં પોલીસ સ્ટેશનમાં બનતી દુઘટર્નાઓ વિશે વાંચેલું હતું. એટલે એનો ભેંકડો વધારે મોટો થઇ ગયો. છેવટે મુકેશભાઇએ પૂછ્યું, 'બેટા, મારામાં વિશ્વાસ પડે છે? તો મારી સાથે ચાલ.'

જયશ્રીને મુકેશભાઇની આંખોમાં સજજનતા દેખાણી. એણે રડતાં-રડતાં હા પાડી દીધી. રિક્ષામાં મહેમાનએ લઇને મુકેશભાઇ ઘરે આવ્યા, ત્યારે સાંજનો સૂરજ એના આખરી કિરણો ફેંકીને અમદાવાદને 'આવજો!' કરી રહ્યો હતો. ફલેટમાં પહોંચીને મુકેશભાઇએ પત્નીનાં હાથમાં જયશ્રી સોંપી, 'પારકી થાપણ છે. આજની રાત આપણે સાચવવાની છે. '

પત્નીએ જયશ્રીને સોડમાં લીધી. બે નાના દીકરાઓ જયશ્રીને વીંટળાઇ વળ્યા.

જયશ્રી માટે ગરમ-ગરમ ભોજન પીરસાઇ ગયું. પણ જયશ્રીની હાલત કફોડી હતી. એક તરફ એનાં કાનમાં પિતાની શિખામણ ગુંજતી હતી, 'પારકા માણસોનો ભરોસો કરવો નહીં. કોઇ કશું ખાવા-પીવાનું આપે તો લેવું નહીં.' એણે ભોજન કરવાની ના પાડી દીધી.

'બેટા તારી પાસે તારા ઘરનો કે મામાના ઘરનો ફોન નંબર છે? તો હું વાત કરી લઉં.' મુકેશભાઇએ રસ્તો કાઢયો. પણ જયશ્રી એટલી હદે ગભરાઇ ગઇ હતી કે એને કશું યાદ જ આવતું ન હતું. એણે તો એક જ વાતની રટ લીધી, 'મને ગમે તેમ કરીને મારા મામાને ઘરે લઇ જાવ. અત્યારેને અત્યારે જ.'

ખૂબ સમજાવી ત્યારે જયશ્રીએ બે કોળિયા ખાધાં. રાત્રે સાડા નવ વાગ્યે મુકેશભાઇ એને લઇને પાછા એસ.ટી. સ્ટેશને પહોંચ્યા. વાસણા જવા માટે બસ ઉપડી.

રાત્રે અગિયાર વાગે જયશ્રીનાં મામાના ઘરે પહોંચ્યા. મામાના હાથમાં ભાણી સોંપી. બધી વાત કરી. ત્યાં સુધીમાં જયશ્રીનાં પિતાના ઘરે અને મામાના ઘરે રડારોળ જામી ચૂકેલી હતી. જયશ્રી ગુમ થવાની વાતથી ધરતીકંપ મચી ગયો હતો.

જયશ્રીને જીવતી-જાગતી અને અખંડ હાલતમાં જોઇને બંને પરિવારોમાં હાશ વળી.

રાત્રે વાસણાથી મુકેશભાઇ જયારે પોતાના ઘરે પાછા ફર્યા, ત્યારે ઘડિયાળમાં સાડા ત્રણ વાગ્યા હતા. પત્ની જાગતી સૂતી હતી, 'એ લોકોને શાંતિ થઇ હશે નહીં? તમારો આભાર માન્યો કે નહીં?'

'આપણે જે કર્યું એ માનવતા ખાતર કર્યું ને? કોઇ આભાર માને કે ન માને એનાથી આપણને શો ફરક પડવાનો?' મુકેશભાઇના વાકયોમાં રહેલી હતાશા સૂચક હતી. પણ એમને ખબર નહોતી કે એમણે જે દીકરી માટે સદ્કાર્ય કર્યું એ એક પટેલની દીકરી હતી અને ચરોતરના પટેલો આભાર વ્યકત કરવાની વાતે ભલે 'જાડા' હોય છે, પણ હોય છે જબરા.

આ વાતની સાબિતી બીજા દિવસે મળી ગઇ. ગાડીઓમાં ભરાઇને જયશ્રીનાં મા-બાપ અને મામા-મામી સપરિવાર આવી ચડયાં. ભેટ-સોગાદો મુકેશભાઇના દીકરાઓ માટે હતી અને આભાર મુકેશભાઇ માટે હતો.

જયશ્રીના પિતા રમણભાઇની આંખો ભીની હતી, 'જો તમે ન હોત તો મારા દીકરીનું શું થાત?' પછી એમણે દીકરીની દિશામાં ફરીને આદેશ આપ્યો, 'બેટા, તારા આ બે ભાઇઓના હાથ પર રાખડી બાંધ! આજથી આપણો નવો સંબંધ શરૂ થાય છે.'

રાખડી, રૂપિયાની આપ–લે, ભોજન અને પછી ભાવભીની વિદાય. સંબંધના દાણાં આયખાના ખેતરમાં વવાઇ ચૂકયા હતા, હવે પ્રતીક્ષા હતી ફસલ ઊગવાની. ફસલ ઊગી અને મબલખ ઊગી. વર્ષમાં બે વાર જયારે વેકેશન પડે ત્યારે રમણ પટેલ મુકેશભાઇને સહકુટુંબ એમના ઘરે રજાઓ ગાળવા તેડાવે. બદલામાં રમણભાઇને તો વર્ષ દરમિયાન સોવાર અમદાવાદનો ફેરો ખાવાનો થાય. દર વખતે તરવાનું તો મુકેશભાઇના ઘરે જ હોય. અને દર રક્ષાબંધનના દિવસે જયશ્રી એકને બદલે બે 'વાસણા'ની મુલાકાત લેવાનું ચૂકે નહીં.

વર્ષો વિતતાં ગયાં. જયશ્રીએ કિશોરાવસ્થાની વાડ કૂદીને યૌવનના બગીચામાં પગ મૂકયો. સારી તો હતી જ, હવે સુંદર પણ દેખાવા માંડી. એનાં માટે મુરતિયાની શોધ ચાલી. આખરે અમેરિકામાં વસતો સુખી ઘરનો ગ્રીનકાર્ડ હોલ્ડર જુવાન મળી ગયો. લગ્ન લેવાયાં.

'આપણી જયશ્રી દીકરીનાં લગ્ન છે. કંઇ સૂઝે છે?' મુકેશભાઇના પત્નીએ પૂછ્યું. 'એમાં વિચારવાનું શું? જયશ્રી મને મામા કહે છે, મારે મામેરું કરવું જ પડે ને?' મુકેશભાઇ સાવ સાધારણ સ્થિતિના માણસ હતા, તો પણ ગજા ઉપરવટનું મોસાળુ કરવા માટે જયશ્રીનાં માંડવે પહોંચી ગયા.

લગ્ન પતી ગયા, હનિમૂન પણ પતી ગયું. મુરતિયાનું પાછા અમેરિકા જવાનું ટાણું નજીક આવી ગયું. જયશ્રીની પણ ત્યાં જવાની વિધિ કરવાની જ હતી. એ માટે તો અમદાવાદ આવવું જ પડે. જયશ્રી એનાં વરને લઇને 'મામા'ના ઘરે આવી. અમેરિકન મુરતિયાની નવાઇનો પાર ન હતો, 'આપણે પટેલપ અનેપ મામા જૈન..? '

જવાબમાં નવી–નવેલી દુલ્હને અતીતમાં બની ગયેલી વાસણા નામની શરતચૂક વિશે માંડીને વાત કરી. પતિ બોલ્યો, 'વાઉ! જો આવી વાત હોય તો મામાનો સૌથી મોટો ઉપકાર તો મારા માથે કહેવાય ! પૂછ, કેવી રીતે ?'

'કેવી રીતે?' 'એ રાતે જો મુકેશમામાએ તને બચાવી ન હોત, તો તું અત્યારે કયાં હોત? મને પત્નીરૂપે તો ન જ મળી હોત ને! મારે પણ આ સંબંધને યાદ રાખવો પડશે.' કહીને એણે રૂપાળી પત્નીને આલિંગનમાં લીધી. પતિપત્ની અમેરિકા પહોંચી ગયા.


એ પછી એક દિવસ જયશ્રીનાં વરનો મુકેશભાઇ ઉપર ફોન આવ્યો, 'મામા, બે દિવસ હું તમારા ઘરે રહ્યો. એમાં હું તમારી આર્થિક તકલીફો અને ચિંતા વિશે ઘણું બધું જાણી ચૂકયો છું. પણ હવે તમે મુઝાશો નહીં. તમારા બંને દીકરાઓને કમ્પ્યૂટરનું કે એમ.બી.એ.નું ભણાવો. હજુ તો બંને નાનાં છે. પણ જેવા એ બંને જુવાન થાય, એવા જ હું એમને અમેરિકા બોલાવી લઉં છું. ના, ઉપકાર કરતો હોઉં એ રીતે નહીં, પણ બા–કાયદા એકની સાથે મારી સગી બહેન પરણાવીને અને બીજા માટે પણ મારા પરિચિતોમાંથી કોઇ યોગ્ય કન્યા શોધીને.'

સામો છેડો ચૂપ હતો. માત્ર મુકેશભાઇનો ડૂમો 'સંભળાઇ' રહ્યો હતો. જમાઇ બોલતો રહ્યો, 'મામા, તમે રડો છો શા માટે? આમાં મેં કયાં મોટો મીર માર્યો છે? અરે, આ તો તમે વાવેલો સંબંધ છે, જે હવે સોફ આની ફસલ સાથે ઊગી નીકળ્યો છે.'

એ રાત્રે મુકેશભાઇ એમની પત્નીને કહી રહ્યા હતા, 'મને એ સમજાતું નથી કે બ્રહ્માંડનું સંચાલન કરતી જે અદૃષ્ટ શકિત છે એના મનમાં શું રહેલું હોય છે! જયશ્રી ભૂલી પડી, એ દુઘટર્ના હતી? કે સુ–ઘટના? કે પછી મેં ખરે સમયે નિસ્વાર્થ બુદ્ધિથી મારી ફરજ સમજીને કરેલું કૃત્ય આપણને આ ચમત્કાર બતાવી રહ્યું છે? કે પછી લોકો કહે છે એ સાચું હશે કે ઈશ્વર સારા માણસોનું ધ્યાન હંમેશાં રાખતો જ હોય છે! બાકી આપણે કયાં આવી કોઇ અપેક્ષા રાખી હતી..?

| | | |
|---|---|---|
| Name | : | Ku. Dr. Birva Shelat (Doctor of Pharmacy) |
| Height | : | 5’-1” |
| Weight | : | 52 Kg |
| Birth Date | : | 11-07-1996 |
| Birth Time | : | 12.10 Noon |
| Birth Place | : | Anand |
| Education | : | Doctor of Pharmacy Pharm.D |
| Profession | : | Service (Clinical Data Analyst IT Parexel |
| Yearly Income | : | - |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Vandana K. Shelat |
| Borther/Sisters | : | 1-Brother (Unmarried) |
| Maternal Place | : | Ghanshyambhai Acharatlal Joshi |
| Father | : | Kandarp R. Shelat |
| Address | : | 16, Jai Someshwar Society,<br>Isanpur, Ahmedabad |
| Phone No. | : | - |
| Mobile No. | : | 9227253447 (Father), 9723248911 (Mother) |
| E-mail | : | - |
| Choice | : | - |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Upmanush |
| Nakshatra | : | Kritika |
| Rashi | : | Taurus |
| Nadi | : | Antya |
| Gan | : | - |
| Varna | : | - |
| Yoni | : | - |
| Varg | : | - |




નામ : કુ. અમી ચેતનકુમાર ઠાકર ઊંચાઈ : ૫'–૦૦'' વજન : ૪૨ કિલો

જન્મતારીખ : ૧૬–૧૦–૧૯૯૭ જન્મસ્થળ : અમદાવાદ જન્મસમય : ૧૭.૨૨ સાંજે

અભ્યાસ : એમ.બી.એ. ફાયનાન્સ

મૂળવતન : સોજીત્રા વ્યવસાય : –

માસિક આવક : –




ગોત્ર : શાંડિલ્ય

રાશિ : મેષ

નક્ષત્ર : અશ્વિની (બીજુ ચરણ)

નાડી : આદ્ય

માતાનું નામ : મીનાબેન ચેતનકુમાર ઠાકર

ભાઈ/બહેન : ૧–ભાઈ–પરણિત

પિતાનું નામ : સ્વ. ચેતનકુમાર ઠાકર

સરનામું : ૧૬, શાંતિનગર સોસાયટી, દરબાર લસ્સીની સામે, ગોમતીપુર,
અમદાવાદ–૨૧

ફોન/મોબાઈલ : ૯૯૨૫૨૩૦૪૩૩, ૯૯૨૫૨૩૦૪૩૩

---


નામ : ચિ. તેજસ અક્ષયકુમાર શુકલ ઊંચાઈ : ૫'–૯'' વજન : ૭૫ કિલો

જન્મતારીખ : ૨૩–૦૭–૧૯૯૬ જન્મસ્થળ : ઉમરેઠ જન્મસમય : ૦૭.૧૩ સાંજે

અભ્યાસ : બી.ઈ. (આઈ.ટી.) (ઈન્ફર્મેશન ટેકનોલોજી)

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : માસ્ટર ડીગ્રી માટે યુ.કે.

માસિક આવક : –




ગોત્ર : પૌનસ્ય

રાશિ : તુલા

નક્ષત્ર : ચિત્રા

નાડી : મધ્ય

માતાનું નામ : સ્વ. જીજ્ઞાષા અક્ષયકુમાર શુકલ


ભાઈ/બહેન : નથી

પિતાનું નામ : અક્ષયકુમાર નીલકંઠરાય શુકલ

સરનામું : ૨૧–એ, વિવેકાનંદનગર, આણંદ–વિદ્યાનગર રોડ,
ગોલ્ડ સિનેમા પહેલા, આણંદ–૩૮૮૦૦૧


ફોન/મોબાઈલ : ૯૮૨૪૯૧૫૧૫૯

નામ : ચિ. વિશાલ મધુસુદન ભટ્ટ ઊંચાઈ : ૫'–૫'' વજન : ૬૦ કિલો
જન્મતારીખ : ૦૮–૧૨–૧૯૯૨ જન્મસ્થળ : વડોદરા જન્મસમય : ૭.૪૦ સાંજે
અભ્યાસ : બી.ઈ. સિવિલ, પી.જી.પી. એમસીએમ.
મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી
માસિક આવક : રૂ. ૪૦,૦૦૦/–
ગોત્ર : ચિત્રાણસ
રાશિ : વૃષભ
નક્ષત્ર : કૃતિકા
નાડી : અંત્ય
માતાનું નામ : અનિતા મધુસુદન ભટ્ટ
ભાઈ/બહેન : ૨–બહેન–પરણિત
પિતાનું નામ : મધુસુદન રણછોડલાલ ભટ્ટ
સરનામું : ૧૧–બી, કલ્પવૃક્ષ સોસાયટી, ટી.પી. ૧૩ છાણી જકાતનાકા સામે, વડોદરા–૩૯૦૦૨૪
ફોન/મોબાઈલ : ૯૨૭૫૭૦૩૫૮૧, ૯૪૦૮૫૮૩૪૮૧





---

નામ : ચિ. સમિક ભટ્ટ ઊંચાઈ : ૫'–૬'' વજન : ૭૮ કિલો
જન્મતારીખ : ૨૬–૦૩–૧૯૯૮ જન્મસ્થળ : વડોદરા જન્મસમય : ૧૨.૧૮ સવારે
અભ્યાસ : બી.એસ.સી. ઈન ફોરેન્સીક સાયન્સ વીથ સાયકોલોજી, એમ.બી.એ. ઈન હોમલેન્ડ સીક્યુરીટી
મૂળવતન : નડીયાદ વ્યવસાય : મુદ્રા પોર્ટ, અદાણી
માસિક આવક : –
ગોત્ર : ચિત્રાનસ
રાશિ : કુંભ
નક્ષત્ર : સતતારા
નાડી : આદ્ય
માતાનું નામ : દર્શના કમલકુમાર ભટ્ટ
ભાઈ/બહેન : ૧–બહેન–અપરણિત
પિતાનું નામ : ડૉ. કમલકુમાર ઉપેન્દ્રભાઈ ભટ્ટ
સરનામું : ૨, જશોદા એપાર્ટમેન્ટ, વાણીયાવાડ, નડીયાદ
ફોન/મોબાઈલ : ૯૪૨૬૪૦૨૮૦૫




| | | |
|---|---|---|
| Name | : | Chi. Vatsal Sanjaykumar Dave<br>(Canadian Citizen) |
| Height | : | 5‘-11’’ |
| Weight | : | 80 Kg. |
| Birth Date | : | 05-11-1998 |
| Birth Time | : | 09.15 a.m. |
| Birth Place | : | Umreth, Kheda, Gujarat, India |
| Education | : | Bachelor of Business Administration (BBA)<br>Southern Albetra Institute of Technology (SAIT)<br>Calgary, Alberta |
| Profession | : | Founder & Chief Operating Officer (COO)<br>White Bird Trucking LTD., Calgary, Alberta |
| Monthly Income | : | $ 1,50,000 CAD/ Year |
| Native Place | : | - |
| Mother Name | : | Sunita Sanjaykumar Dave |
| Borther/Sisters | : | 1-Younger Brother |
| Maternal Place | : | - |
| Father | : | Sanjaykumar Bhagvatprasad Dave |
| Address | : | India : 13/C, Kamlesh Park Society,<br>B/h. Gokulnagar, Shubash park, Harni Road,<br>Vadodara-390006<br>Canada - 44 Taralea Gardens NE Calgary<br>T3J4W4, Alberta, Canada |
| Mobile No. | : | Sanjaykumar Dave : +1 (403) 975-2035 (W.app)<br>Sunita Dave : +1 (403) 560-2429 (W.app) |
| E-mail | : | skumar1971dave@yahoo.com<br>sunitadave76@yahoo.com |
| Choice | : | Someone who has deep faith in Indian Culture & Family Value |
| Note | : | Visiting India (Gujarat) in November 2022 |
| Gotra | : | Paunas |
| Nakshatra | : | Krittika |
| Rashi | : | Vrushabh |
| Nadi | : | Antya |
| Gan | : | Rakshash |
| Varna | : | Vaishya |
| Yoni | : | Mesh |
| Varg | : | Garud |




નામ : ચિ. નિષેત વિક્રમકુમાર વ્યાસ
ઊંચાઈ : ૬'–૦૦''
વજન : ૭૦ કિ.ગ્રા.
જન્મ તારીખ : ૨૬–૧૨–૧૯૯૭
જન્મ સમય : ૯.૧૧ કલાકે
જન્મ સ્થળ : અમદાવાદ
અભ્યાસ : બી.સી.એ. અને એમ.એસ.સી. (AI & ML)
વ્યવસાય : નોકરી (સોફ્ટવેર એન્જીનીયર) Full Stack Technology
માસિક આવક : રૂ. ૫૦,૦૦૦/– PM
મૂળ વતન : ડેમોલ, તા. પેટલાદ, જી. આણંદ
માતાનું નામ : જયશ્રીબેન વિક્રમકુમાર વ્યાસ
ભાઈ/બહેન : ૩–બહેન–પરણિત
મોસાળ : રમણભાઈ ભાઈલાલભાઈ ત્રિવેદી
મુ. મોરડ, તા. પેટલાદ, જી. આણંદ
પિતા : વિક્રમકુમાર ચીમનલાલ વ્યાસ
સરનામું : એ–૨૨/૨૫૩, કૃષ્ણનગર કોલોની, રાધાકૃષ્ણ મંદિરની સામે,
કૃષ્ણનગર, સૈજપુર બોઘા, નરોડા રોડ, અમદાવાદ–૩૮૨૩૪૫
મોબાઈલ નં. : ૯૮૯૮૦૮૧૮૯૫, ૯૭૧૨૩૦૨૮૧૨
ઈ–મેઈલ : –
સંપર્ક : –
સરનામું : –
ફોન નંબર : –
પસંદગી : –
નોંધ : –

ગોત્ર : સામાનસ
નક્ષત્ર : અનુરાધા–૧
રાશિ : વૃશ્ચિક
નાડી : મધ્ય
ગણ : દેવ
વર્ણ : બાજખેડાવાળ બ્રાહ્મણ
યોનિ : મૃગ
વર્ગ : સર્પ




| | | |
|---|---|---|
| Name | : | Chi. Sneh Dharmendrakumar Thaker |
| Height | : | 175.26 CMS |
| Weight | : | 80 Kg. |
| Birth Date | : | 17-02-1996 |
| Birth Time | : | 02.05 |
| Birth Place | : | Anand |
| Education | : | Bachelor in Civil Engineering<br>Masters in Project Management (Australia) |
| Profession | : | Civil Engineer |
| Monthly Income | : | - |
| Native Place | : | Umreth, Currently Godhra |
| Mother Name | : | Dharmendrakumar Thaker |
| Borther/Sisters | : | 1-Sister |
| Maternal Place | : | Punambhai Hariprashad Dave (Anand)<br>Relation-Nana<br>Nilesh Punambhai Dave (Anand) Relation-Mama |
| Father | : | Dharmendrakumar Manubhai Thaker |
| Address | : | C/23, Anandnagar Society, Science College Road<br>Godhra-389001 |
| Phone No. | : | +61433678449 (Sneh Thaker)<br>9426540026 (Dharmesh Thaker)<br>9726400959 (Uttara Thaker) |
| Choice | : | Equivalent |
| Note | : | *નિમ્ન મંગળ છે.* |
| Gotra | : | *શાન્ડિલ્ય* |
| Nakshatra | : | *ઉત્તરાષાઢા* |
| Rashi | : | *મકર* |
| Nadi | : | *આદ્યા* |
| Gan | : | *મનુષ્ય* |
| Varna | : | *વૈશ્ય* |
| Yoni | : | *નકુલ* |
| Varg | : | *સિંહ* |




નામ : ચિ. હર્ષિત પ્રશાંતકુમાર ઠાકર
ઊંચાઈ : ૫'–૧૦''
વજન : ૭૫ કિલો
જન્મ તારીખ : ૨૦–૦૯–૧૯૯૫
જન્મ સમય : ૦૬.૪૬ સવારે
જન્મ સ્થળ : –
અભ્યાસ : M.Tech. (PEMD) Electrical Eng.
વ્યવસાય : નોકરી (Hitachi Hi-Relpower Electronics)
માસિક આવક : રૂ. ૩,૭૫,૦૦૦/– (વાર્ષિક)
મૂળ વતન : નડીયાદ
માતાનું નામ : કિરણબેન પ્રશાંતકુમાર ઠાકર
ભાઈ/બહેન : ૧–ભાઈ–પરણિત
મોસાળ : નડીયાદ
પિતા : પ્રશાંતકુમાર વિનોદચંદ્ર ઠાકર
સરનામું : સી–૨, 'સુવિરા', કેન્દ્રીય કર્મચારીનગર, વૈશાલી–ઈન્દીરાનગર રોડ, નીલકંઠ મહાદેવ પાસે, નડીયાદ–૩૮૭૦૦૨
મોબાઈલ નં. : ૯૪૨૭૮૫૫૦૭૨, ૭૫૭૫૮૫૩૦૭૨
ઈ–મેઈલ : –
સંપર્ક : –
સરનામું : –
ફોન નંબર : –
પસંદગી : –
નોંધ : –

ગોત્ર : લંકાનસ
નક્ષત્ર : પુષ્ય
રાશિ : કર્ક
નાડી : મધ્ય
ગણ : –
વર્ણ : વિપ્ર
યોનિ : –
વર્ગ : –




| | | |
|---|---|---|
| નામ | : | ચિ. રાજ દિલેશ દવે |
| ઊંચાઈ | : | ૫'–૫'' |
| વજન | : | ૬૦ કિલો |
| જન્મ તારીખ | : | ૨૬–૦૯–૧૯૯૫ |
| જન્મ સમય | : | ૦૯.૨૩ રાત્રે |
| જન્મ સ્થળ | : | મુંબઈ |
| અભ્યાસ | : | B.C.A., M.B.A. (Marketing)-Mumbai |
| વ્યવસાય | : | (1) Owner of Mkt. Resorch Co. - Mind Sweep Insights<br>(2) Job - VSalt Brand Solution |
| માસિક આવક | : | રૂ. ૬૦,૦૦૦/– |
| મૂળ વતન | : | મુંબઈ |
| માતાનું નામ | : | સુવર્ણાબેન દિલેશ દવે |
| ભાઈ/બહેન | : | ૧–બહેન–અપરણિત |
| મોસાળ | : | અમદાવાદ |
| પિતા | : | દિલેશ વાસુદેવ દવે |
| સરનામું | : | (૧) એ–૬૦૨, લક્ષ્મીકૃપા, લિંક રોડ, ચીકુવાડી, બોરીવલી (પ), મુંબઈ–૯૨ (૨) ફાર્મ હાઉસ, મનોર, મુંબઈ |
| ફોન નં. | : | ૯૮૬૯૧૧૦૦૬૩ |
| મોબાઈલ નં. | : | ૯૯૬૯૪૭૯૮૨ |
| ઈ–મેઈલ | : | dilesh.dave@hotmail.com |
| સંપર્ક | : | ઉપર મુજબ |
| સરનામું | : | ઉપર મુજબ |
| ફોન નંબર | : | ૯૮૬૯૧૧૦૦૬૩, ૯૯૬૯૪૭૯૮૨ |
| પસંદગી | : | ટ્રાવેલીંગ, મ્યુઝિક, જીમ |
| નોંધ | : | – |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | ગૌતમસ |
| નક્ષત્ર | : | ચિત્રા |
| રાશિ | : | તુલા |
| નાડી | : | મધ્ય |
| ગણ | : | રાક્ષસ |
| વર્ણ | : | શુદ્ર |
| યોનિ | : | વ્યાઘ્ર |
| વર્ગ | : | મૃગ |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Jalpak Rajeshkumar Dave (PR - Canada) |
| Height | : | 5‘-7’’ |
| Weight | : | 60 Kg. |
| Birth Date | : | 16-03-1996 |
| Birth Time | : | 05.33 p.m. |
| Birth Place | : | Vadodara |
| Education | : | Diploma Electronic and Communication (India)<br>Post Graduate Dip. in Electronic Eng. (Canada) |
| Profession | : | Service - Techinical Support Specialist (Canada) |
| Monthly Income | : | - |
| Native Place | : | Vadodara |
| Mother Name | : | Nayanaben Rajeshkumar Dave |
| Borther/Sisters | : | 1-Sister-Married |
| Maternal Place | : | |
| Father | : | Rajeshkumar Jayantilal Dave |
| Address | : | “Purusharth”, 18, Anandvilla Society, B/h. Yash Complex, Opp. Bansal Mall, Gotri Road, Gorti, Vadodara-390021 |
| Mobile No. | : | +91-9427301618, +91-7567509312 |
| E-mail | : | - |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | - |
| Note | : | Visiting India in December 2022 |
| Gotra | : | Upamanyus |
| Nakshatra | : | Shravan |
| Rashi | : | Makar |
| Nadi | : | Antya |
| Gan | : | Dev |
| Varna | : | Vaishya |
| Yoni | : | Vanar |
| Varg | : | Manjar |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Dhwanan Kandrap Shelat<br>(Atlanta, GA-USA) (H1B Visa) |
| Height | : | 5'-11'' |
| Weight | : | 72 Kg. |
| Birth Date | : | 17-11-1993 |
| Birth Time | : | 12.55 Noon |
| Birth Place | : | Anand |
| Education | : | Master of Science - Computer Engneering |
| Profession | : | Service - Senior Software Engineer At<br>TSYS- Global Payment - Atlanta |
| Yearly Income | : | 1 Lakh Doller |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Vandana K. Shelat |
| Borther/Sisters | : | 1-Sister (Unmarried) |
| Maternal Place | : | Ghanshyambhai Acharatlal Joshi |
| Father | : | Kandarp R. Shelat |
| Address | : | 16, Jai Someshwar Society,<br>Isanpur, Ahmedabad |
| Phone No. | : | +1-7145159283 (Dhwanan) |
| Mobile No. | : | 9227253447 (Father), 9723248911 (Mother) |
| E-mail | : | - |
| Choice | : | - |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Upmanush |
| Nakshatra | : | Purvashudha |
| Rashi | : | Dhan |
| Nadi | : | Madhya |
| Gan | : | - |
| Varna | : | - |
| Yoni | : | - |
| Varg | : | - |



| | |
|---|---|
| Name | Chi. Mrunal Ashokkumar (Vasumama) Bhatt |
| Height | 5‘-11’’ |
| Weight | 69 Kg. |
| Birth Date | 26-12-1991 |
| Birth Time | 10.10 p.m. |
| Birth Place | Umreth |
| Education | M.Com., CA-Inter |
| Profession | Bussiness of Plywood in Umreth and Anand |
| Monthly Income | Rs. 2 to 4 L |
| Native Place | Umreth |
| Mother Name | Pratimaben Ashokkumar Bhatt |
| Borther/Sisters | 2-Sister, 1-Married, 1-Unmarried |
| Maternal Place | Kanilal Desai-Nadiad |
| Father | Ashokkumar Shantilal Bhatt |
| Address | Vagnath Chakla, Umreth |
| Phone No. | 9879957019 |
| Mobile No. | 9824316016 |
| E-mail | bhattmrunal008@gmail.com |
| Contact | - |
| Address | - |
| Phone | 9879957019, 9824316016 |
| Choice | Similar |
| Note | Educated |

| | |
|---|---|
| Gotra | Lankanas |
| Nakshatra | Mul |
| Rashi | Sinh |
| Nadi | Madhya |
| Gan | Manushya |
| Varna | Shatriya |
| Yoni | Udev |
| Varg | Swan |



## એકવાર નહીં પણ વારંવાર વાંચજો

જીવનમાં ઉતારવા લાયક વાત છે :
જ્યાં સુધી તેડું ન આવે ત્યાં સુધી દિલ ખોલી ને જીવો.
અરે મૂકો માથાકૂટ,
ભૂલી જાવ એમને જેમણે તમારું દિલ દુભાવ્યું,
મૂકો એવાઓને તડકે જે સતત તમારી ઈર્ષ્યા જ કરે છે,
કોઈની બળતરા કરવાની જરૂર નથી,
કોઈની માફી માંગી લો અને કોઈને માફ કરી દો.
ક્યાં જવું છે અભિમાન રાખીને?
સ્વાર્થી સંબંધો હોય તો એને પરિસ્થિતિ પર જ છોડી દો.
તમારી જોડે કોઈએ ખરાબ કર્યું હોય તો હિસાબ ઈશ્વરને કરવા દો.
તમે બસ ફુલઓન મજા કરો,
બીજાં શું કહેશે એ વિચારવાનું છોડીને આનંદ માણો.
મજાથી શોખ પૂરાં કરો,
ઉંમર સામું ના જુઓ,
નાઈટઆઉટ કરો,
વરસાદમાં હડી કાઢી નહાવ,
ઘરમાં કોઈ ન હોય તો લાઉડ મ્યુઝિક રાખી ખૂલીને નાચો,
ભાવતી જમવાની અલગ અલગ ડિશ ટ્રાય કરો,
દૂરદૂર રખડવા જતાં રહો,
જોવાયું એટલું જોઈ લો,
ફરી લો,
બસ દિલ ફાડીને જીવાય એટલું જીવી લો.
કોઈને નડીએ નહીં એટલે ઘણું,
બાકી હંમેશ અન્યના સર્ટિફિકેટ્સ પર જીવવું જરૂરી નથી.
થોડું ખુદની મરજી મુજબ પણ જીવો અને માણો.
માંડ ઉપરવાળાએ મનુષ્યદેહ આપ્યો છે,
આ જન્મના કર્મ જોતાં કદાચ કોન્ટ્રક્ટ રિન્યૂ ન પણ થાય,
માટે જલસાથી જીવો.
અંત સમયે ચિચિયારીઓ સાથે કોઈ બોલવું જોઈએ કે,
મજા ની લાઈફ ભોગવ્યું એજ આપણું
બાકી કોઈ ગેરંટી નથી બાપુ...
શું કહેવું છે મિત્રો ?

Registered Under RNI No. GUJGUJ/2007/20537 date 24-07-07 Permitted to Post at PSO on last day of month Regd. Under Postal Regd. No. GAMC-705/2022-24 issued by SSP Ahmedabad valid & Renewed upto Dt. 31-12-2024
LPWP No. PMG / NG / 100 / 2022-2024 valid upto 31-12-2024
Published on 27th Every Month

## : જાણવા જોગ :

***શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે*** http://abbhs.in ***પર*** Patrika ***વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.***

***માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન***
***શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી શ્રી જગતભાઈ એચ. દવે*** *દ્વારા ધર્મેશ પ્રિન્ટોરીયમ, પ્રેસ, બી–૬, ૨૩ અને ૧૨–બી અગ્રવાલ ઈન્ડસ્સ્ટ્રીયલ એસ્ટેટ, અગ્રવાલ આઈસ ફેક્ટરી કંમ્પાઉન્ડ, દુધેશ્વર, અમદાવાદમાં છપાવી બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭*
**(M) 9898535030, 9974127810**